Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, . अषाढ आत्म. संवत् १९ [ अंक १२ मो.

## શ્રી જૈન વાણીરૂપ ગંગાની સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

[૧]જ્યાં સંવેગ વિરાગ રૂપ ઉછળી ઉંચા તરંગો રહે,
વેગે જ્ઞાન ચરિત્ર દર્શન તણા જેમાં પ્રવાહો વહે;
બેઠા જ્યાં મુનિરાજ હંસ રસથી સદ્ધ્યાન ચિત્તે ધરે,
તે ગંગા સમ જૈન વાણી જનને નિત્યે વિશુદ્ધિ કરે.

---

૧ જેમાં સંવેગ, વૈરાગ્યરૂપી તરંગો ઉછળી રહ્યા છે, જેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી પ્રવાહો વહે છે અને જેમાં મુનિરાજરૂપી રાજહંસો ધ્યાન ધરી બેઠા છે, તેવી શ્રી જિન ભગવાનની વાણીરૂપી ગંગા લોકોને વિશુદ્ધિ વિશેષ પવિત્ર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

## ॥ શ્રી ઉપાધ્યાયાય નમઃ ॥

### શ્રીમાન્ ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી માહારાજનું ભાવનગરમાં આગમન— તે પ્રસંગે ગવાએલ આનંદ જનક

### પદ્ય.

( સખી આહી તે અરિહંત અમઘર આવો રે–એ ચાલ. )

**પાઠક** પદ ધર ગુરૂરાય મુનિશ્વર આવ્યારે,
**શ્રી વીરવિજય** અભિધાન ભવિક મન ભાવ્યારે;
જિહાં **દાનવિજય ગણી** દાન જ્ઞાનનું આપે રે,
અજ્ઞાન તિમિર કરી દૂર દુરિત ને કાપે રે. ॥ પાઠક ॥ ૧
અમ અરજ સુણીને આજ આ **ભાવનગરમાં** રે,
આવ્યા કરવા ઉપકાર ધરીને મનમાં રે;
વિચરીને વિધ વિધ દેશ વેષ ભજાવીરે,
વર્તાવ્યો જય જયકાર દેહ દીપાવીરે. ॥ પાઠક ॥ ૨
પચવીશ ગુણે ગુણવંતની અતી મીઠીરે,
વાણી છે અમીય સમાન આજ મેં દીઠી રે;
વરસાવી અમૃત ધાર શાન્તિ નિપાવો રે,
ચાતક સમ અમચી આજ તૃષાને છીપાવો રે. ॥ પાઠક ॥ ૩
જયું મનહર છે વનરાજી આ વર્ષા કાળે રે,
સોહે મુનિવૃંદ સમેત મોહમદ ગાળે રે;
હેય જ્ઞેય અને ઉપાદેય આદિ ભાવોરે,
સમજાવો ધરી સસ્નેહ જાય વિભાવોરે. ॥ પાઠક ॥ ૪
આ વિષમ સમયની માંહિ ક્રોધાદિ કષાએ રે,
વર્તાવ્યો કાળો કેર દીલ દુઃખાએ રે;
તેને કરવા ઉપશાન્ત શાન્તિ પ્રયોગે રે,
કરવા ઉદ્યમ અમ અર્જ આત્મિક ભોગેરે. ॥ પાઠક ॥ ૫
ઉપકારી **શ્રીવિજયાનંદ સૂરિશ્વર** કેરા રે,
ગચ્છમાં **અધ્યાપક** દેખી રીઝે મન મેરારે;
**શ્રી આત્માનંદ** સમાજ આનંદ ને પાવે રે,
મળી સર્વ વ્યકિત સંગાથ ગુરૂ ગુણ ગાવે રે. ॥ પાઠક ॥ ૬

ભાવનગર
**આષાઢ શુકલ ચતુર્થિ** } **( જિજ્ઞાસુ ઉમેદવાર )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોના ઉદયના છ તત્ત્વો.

વર્તમાનકાલે જૈન પ્રજા પોતાના ઉદયને માટે મહાન પ્રયત્ન કરવા મથે છે. આ સંસાર સાગરનું મથન કરી તેમાંથી ઉદયના રત્નો મેળવવા માટે તેમનો ભગીરથ પ્રયત્ન દેખાય છે, પરંતુ એ રત્નો મેળવવા માટે જે દિશા ગ્રહણ કરવી જોઇએ, તે દિશા તેમના લક્ષમાં આવતી હતી, આથી તેમના એ સર્વ પ્રયત્નો નિષ્ફળ થઇ જાય છે. જ્યાંસુધી ઉદયના ઉજ્વળ પ્રકાશને આપનારી દિશા તેમના લક્ષમાં આવશે નહીં, ત્યાંસુધી જેટલા પ્રયત્નો કરશે તે બધા પ્રયત્નો માત્ર શ્રમરૂપજ થઇ પડશે.

આજ સુધીમાં જે જે દેશની પ્રજા ઉન્નતિમાં આવી છે, તે પ્રજાની પ્રવૃત્તિ કેવી દિશામાં હતી, તેમનું મનોબળ કેવું હતું? અને તેમનામાં ઉદય મેળવવામાં ઉપયોગી એવા સદ્ગુણો કેવા હતા? એ પ્રથમ દીર્ઘ વિચારથી મનન કરવાનું છે.

પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોએ ઉદયકાલને માટે છ તત્ત્વો નક્કી કરેલા છે. એ છ તત્ત્વોથી સાંસારિક ઉદય સાધ્ય થઇ શકે છે, એટલું જ નહીં પરંતુ તેનાથી પરલોકનું હિત કરનારો ધાર્મિક ઉદય પણ સાધ્ય થાય છે.

એ છ તત્ત્વોમાં મુખ્ય તત્ત્વ **કેળવણી** છે. આ તત્ત્વના આધારથીજ પ્રજા ઉદયનું શુદ્ધ દર્શન કરી શકે છે. સર્વ વિદ્વાનો જેને આ લોક તથા પરલોકની કલ્પલતા કહે છે, તે કેળવણી સર્વ અર્થને સાધનારી ગણાય છે. ઉદયનો માર્ગ કેળવણીને આશ્રીનેજ પ્રકાશિત થાય છે. કેળવણી રૂપ અમૃતથી સિંચન કરેલા મન અને શરીર જે શક્તિ ધારણ કરે છે, તે શક્તિ કેવી દિવ્ય અને અદ્ભુત છે, તેનો વિચાર કરતાં જણાશે કે, જે પ્રજા કેળવાએલી છે, તે પ્રજાનેજ આગળ વધવાનો માર્ગ સ્વતઃ પ્રાપ્ત થઇ આવે છે. જૈન પ્રજા જોઇએ તેટલી એ દિશા તરફ વળતી નથી. ઉચ્ચ કેળવણીના બીજ એ પ્રજાના હૃદયમાં વાપવામાં આવતા નથી. જૈન પ્રજાની વસ્તીના પ્રમાણમાં વિદ્વાન્ વર્ગ ઘણોંજ ઓછો છે. વિશાળ બુદ્ધિવાલો મોટો વર્ગ સાધનને અભાવે ઉચ્ચ કેળવણી મેળવી શકતો નથી. જૈન પ્રજામાં કેળવણીની જેટલી ન્યુનતા છે, તેટલી દુર્દશા, અધમતા, અંધકાર અને અવ્યવસ્થા જોવામાં આવે છે. તેથી ઉદયકાળના છ તત્ત્વોમાં કેળવણીને પ્રથમ તત્ત્વ ગણવામાં આવ્યું છે.

ઉદયકાળનું બીજું તત્ત્વ **ઐક્ય** છે. સામાજિક બળ મેળવવાનું મુખ્ય સાધન ઐક્યજ છે. ઐક્યના બળથી દરેક પ્રજા સંપૂર્ણ સાધનવતી બની શકે છે. એક્યતત્ત્વના મહિમાને માટે એક વિદ્વાન્ લખે છે કે, "જ્યાં ઐક્યબળ છે, ત્યાં પરમાત્મા પોતે વાસ કરે છે, અને તેમાં દિવ્ય શક્તિની પ્રેરણા કરે છે." ઐક્યના બળથી રાજ્ય, ધર્મ, વ્યવહાર, કેળવણી, ગૃહ અને શાળાની ઉન્નતિ સાધ્ય થઇ શકે છે. ઐક્યની અદ્ભુત શક્તિ અસાધ્ય કાર્યને સાધ્ય કરે છે. એ મહાતત્ત્વ જૈન પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જામાં પ્રસરવું જોઇએ. જૈન પ્રજામાં જે છિન્નભિન્નતા દેખાય છે, તે ઐકયના અભાવથીજ છે. ઐકયની શૃંખલા તુટવાથી અત્યારે જૈન પ્રજા બીજી પ્રજા આગળ હલકી દેખાવા લાગી છે. ઐકય વિના જૈન પ્રજાએ પોતાનું ગૌરવ ગુમાવવા માંડયું છે. પ્રત્યેક શેહેર અને ગામોગામ સંઘના પ્રવાહો જુદે જુદે માર્ગે વહે છે. દરેક જૈન વ્યક્તિના હૃદયમાં ભેદભાવ ઉપજતો જાય છે. કેવળ સંઘમાં નહીં પણ એકજ કુટુંબ અને ઘરમાંથી પણ ઐકયની ભાવના શિથિલ થતી દેખાય છે. તેટલુંજ નહીં પણ છેવટે મુનિરાજોમાં પણ એકયની ભાવના શિથિલ થઇ ગઇ છે. આથી જૈન પ્રજાએ ઉદયકાળના આ મહાન્ તત્વને સંપાદન કરવા પ્રયત્ન કરવો જોઇએ.

ઉદયકાળનું ત્રીજું તત્વ **ખંત** છે. ખંતનો અર્થ **ઉત્સાહ** થાય છે. સર્વ પ્રકારના કાર્યો સાધવામાં ઉત્સાહ મુખ્ય આલંબન છે. માનવશક્તિને ખરો વેગ ઉત્સાહ આપે છે. નિરૂત્સાહિત હૃદયથી મહાન્ કાર્યો સાધી શકાતા નથી. જેમના હૃદયમાં ઉત્સાહના અંકુરો પ્રગટ થયેલા હોય તેઓજ ખરેખરા વીર નર બને છે. ઉત્સાહના આવેશથી પૂર્વ વીરોએ આ જગતને જયાક્રાંત કરેલું હતું. જૈન પ્રજામાં અત્યારે એ ઉત્સાહ દેખાતો નથી. કદિ કોઈ કાર્ય સાધવાની આવશ્યકતા લાગે તો જૈન બંધુઓને બળાત્કારે ઉત્સાહ ઉત્પન્ન કરવો પડે છે. આત્મશક્તિને અંતરનો ખરેખરો ઉત્સાહજ ખીલાવી શકે એવો અંતરનો ઉત્સાહ જૈન પ્રજામાં કવચિત્ જ જોવામાં આવે છે. જયાં સુધી ધર્મ, સંસાર અને ગૃહરાજ્યને વધારનારા ઉત્સાહનું દર્શન થશે નહીં ત્યાં સુધી ઉદયની આશા રાખવી, એ આકાશ કુસુમવત્ છે. જૈન પ્રજા જયારે ઉદયના એ તત્વની પરમ ઉપાસક બનશે, ત્યારેજ તે ઉદયના ઉન્નત શિખરપર ચઢવાને લાયક ગણાશે.

ઉદયકાળનું ચોથું તત્વ **ઉદ્યોગ** છે. ઉદ્યોગની દિવ્ય શક્તિ માનવ ધર્મની મહત્તાનો પાયો છે. જો કે દયા ધર્મ પ્રમાણે ઉદ્યોગ આરંભના દોષનું કારણ ગણાય છે, પરંતુ જો તેની યોજના નિર્દોષપણે કરવામાં આવે તો તે ધર્મ અને સંસારની ઉન્નતિનો પરમ સાધક બની શકે છે. એક સમર્થ વિદ્વાન્ ઉદ્યોગ તત્વને માટે લખે છે કે " પ્રવૃત્તિ ધર્મવાળા મનુષ્યો જો પોતના હાથમાં ઉદ્યોગરૂપ તીક્ષ્ણ શસ્ત્ર ધારણ કરે છે, તો તેઓ આ વિશ્વની સર્વ સંપત્તિ પોતાને સ્વાધીન કરી શકે છે, એટલુંજ નહીં, પણ અનેક જનોને આજીવિકાનું દાન આપી પુણ્યનું ભાજન બને છે. જૈન પ્રજા પ્રથમથીજ ઉદ્યોગશીલ છે. વ્યાપારને અંગે ઉદ્યોગના ઉત્તમ સાધનો તેને પ્રાપ્ત થયા છે. તે પ્રજા જો ઉદ્યોગના આચરણમાં પ્રવૃત્ત થાય તો તે ઉદયકાળને સુગમતાથી મેળવી શકે, તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. વ્યાપાર કરનારમાં ઘણું મોટું જોખમ ઉપાડવા જેટલી છાતી જોઇએ છીએ, આરંભે અલ્પ નફા ઉપર અથવા કાંઇક હાનિ ઉપર પણ નિર્વાહ કરવાની ધીરજ જોઇએ છીએ; ઘણાં વિશાળ ધોરણ ઉપર ધંધાને સ્થાપી તેમાં લક્ષ પરોવાનું બળ જોઇએ છીએ, વિદેશ અને અતિ દૂર દેશ જવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા ત્યાં સુધી ધીરધાર રાખવી, તેને માટે ઘણું ચારિત્રબળ અને ઘણી ચતુરાઇ વાપરવી પડે છે, નાની નાની વાતોને બાજુ પર રાખી ખમી લેવાની વારંવાર ફરજ થાય છે, આવી આવી અનેક પ્રકારની રીતો વ્યાપારના ઉદ્યોગના અંગમાં સમાય છે, તે પણ સર્વ સતત ઉદ્યોગથી સંપાદાન થઈ શકે છે. એવા ઉદયકાળના ઉદ્યોગ તત્વને માટે જૈન પ્રજાએ સર્વદા તત્પર રહેવું જોઈએ. જ્યાંસુધી જૈન પ્રજામાં એ તત્ત્વની ખામી છે, ત્યાં સુધી પ્રમાદ અને આલસ્ય એ બંને શત્રુઓ તેને અધમ સ્થિતિમાં દોરી જવા વગર રહેશે નહીં. ઉદયકાળનું પાંચમું તત્ત્વ **સાહસ** છે. કેટલેક પ્રસંગે સાહસને ઉચ્ચ કોટીમાં ગણ્યું નથી, પરંતુ ઉદયકાળના કેટલાએક પ્રસંગોમાં તેને પ્રધાન તરીકે માનેલું છે. આજકાલ જૈન પ્રજામાં એ તત્ત્વની ખામી જોવામાં આવે છે, તેને લીધે વ્યાપારની શિથિલતાનું તે પણ એક કારણ બન્યું છે, તેથી તે ઉપર લક્ષ કરવું આવશ્યક છે. સાહસ એ વ્યાપાર વગેરે સાંસારિક કાર્યોની વૃદ્ધિને અર્થે તેમજ પરોપકારને માટે અતિ ઉપયોગી ગુણ છે. જેમ વિચાર રહિત સાહસ હાનિકારક છે, તેમ વિચાર સહિત સાહસ બહુ લાભપ્રદ છે. પણ તેમાં એટલું યાદ રાખવાનું છે કે, વિચારનું પ્રાધાન્ય થવાથી સાહસ વ્યર્થ પ્રાયઃ થઈ જાય છે, અને માત્ર ઉદ્ધતાઇ કે અમર્યાદ રૂપેજ દર્શન દે છે. તે તજવા યોગ્ય છે. સાહસિક વૃત્તિવાળા માણસ જ્યારે બહુ વિચાર કરતાં થાય છે, ત્યારે તેઓ સ્વાર્થી બનતાં જાય છે, પોતાના સુખ અને સગવડ માટે અયોગ્ય એવા માર્ગો પણ તેઓ લે છે, તેમ સાહસમાં ન થવું જોઈએ. જૈન પ્રજામાં એ તત્વ પરંપરાથી છે, પણ વર્ત્તમાન કાળે તેમાં મોટો ફારફેર થઇ ગયો છે. તેમના હૃદયમાં ભીરૂતાએ વાસ કરેલો છે, તેથી સાહસનું ઉચ્ચ તત્ત્વ તદ્દન નિસ્તેજ બની ગયું છે. હવે ઉદયકાળનું એ મહા તત્વ જૈન પ્રજાએ સતેજ કરવું જોઇએ. સાહસ તત્વના બળથી જૈન પ્રજા અનેક ગુણો મેળવી શકશે, એમ નિશ્ચય પૂર્વક કહી શકાય છે. કારણ કે, એ સાહસ તત્વને આદર આપવાથી બીજા ઘણાં ઉચ્ચ ગુણો સ્વતઃ પ્રાપ્ત કરી શકાય છે. સાહસિક મનુષ્ય વ્યાપાર, માહાત્મ્ય કે પોતાનું કે પરનું ભલું કરવામાં સ્વાર્પણ જે સર્વ વાતમાં ઉપયોગી તેને સારી રીતે દર્શાવી શકે છે. કેટલાક ભાગે અજાણ છતાં કચ્છી, ભાટીયા અને લુવાણાનો વ્યાપાર વૃદ્ધિ સર્વ કોઇને વિસ્મય પમાડે છે. તેથી ઉદયકાળના આ સાહસ તત્ત્વને માટે જૈન પ્રજાએ સદા ઉત્સુક રહેવું જોઇએ.

ઉદયકાળનું છઠું તત્વ **જાહેર નીતિની** સુધારણા છે. જૈન પ્રજામાં એ તત્વની મોટી ખામી છે. સત્ય, સદાચાર, સદ્વર્ત્તન, સરળતા અને સમય બોધ એ જાહેર નીતિના અંગો છે. એ અંગોને લઈનેજ લોક વિશ્વાસ મેળવી શકાય છે. વેપારમાંના કાર્યોને અંગે નીતિમાં શિથિલતા દાખલ થવાથી સાખનો ઘટાડો થાય છે. અને તેથી વેપારને મંદ પાડનારૂં એક મોટું કારણ ઉભું થાય છે. વહીવટના ચોપડામાં મુહુર્ત કરતી વખતે મહાન પુરૂષોના નામ લખી તે ચોપડામાં ખોટા ખાતા અને લેવડ દેવડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અપ્રમાણિકપણાના દાખલાઓ નજરે જોઇએ છે. એટલુંજ નહીં પણ પરંપરાએ લોકમત, જ્ઞાતિબંધન, મહાજન, પંચ ઈત્યાદિ સર્વ સામાજિક બળ તદન શિથિલ પડી જાય છે અને તેથી લોકો ઉપર કશો કબજો રહેતો નથી. જેમના ઉપર સંઘ કે સમાજ પોતાના વ્યવહારિક ન્યાય આપવાનો વિશ્વાસ મુકે છે, તેવા અગ્રેસરોમાં જ્યારે જાહેર નીતિનું તત્ત્વ ઓછું થાય ત્યારે તેમની સત્તા મોળી પડી જાય છે. એટલે પરસ્પરના અને અંદર અંદરના દ્વેષ વધી જાય છે. અને તેથી ઉલટી રીતે ચાલનારા લોકોને પોત પોતાના દ્વેષને પારપાડવાના સાધનરૂપે વાપરનાર "સારા" લોકો પણ કાંઇક ઉત્તેજન આપે છે. આવી રીતે લાંબો કાળ ચાલવાથી છેવટે સમાજના સર્વ અંગો એવા નષ્ટપ્રાય થઇ જાય છે કે જેથી અસલનો પ્રતિષ્ઠા પામેલો ઉચ્ચ વર્ગ નાબુદ થઇ જાય છે અને સામાન્ય વર્ગ પ્રાધાન્યને પામતો જાય છે. આથી પરિણામે સમાજની અધઃપતન સ્થિતિ થઈ જાય છે. જૈન પ્રજાએ આ વાત લક્ષમાં રાખવાની છે અને તેથી જાહેર નીતિના તત્વની સુધારણા કરવાને સદા તન, મન અને ધનથી પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

ઉદયકાળના આ છ તત્વો સમ્યક્ પ્રકારે સાધવાથી જૈન પ્રજા અવશ્ય ઉદયકાળમાં આવી શકશે, એ નિઃસંશય કહી શકાય છે. પરિણામે તેનાથી અતુલ સાંસારિક લાભ થવાનો પૂર્ણ સંભવ છે. પૂર્વકાળે જૈન પ્રજામાં નીતિ, રીતિ, વિચાર, વિદ્યા અને ધર્મ એ સર્વની જે ઉચ્ચ સ્થિતિ ગણાતી હતી, તેનું કારણ પણ આ છ તત્વોનો પરમ આદર હતો. આજે પણ જો પુનઃ એ તત્વો તરફ પરમ આદર કરવામાં આવે તો જૈન પ્રજા પોતાના વ્યવહારમાં, નીતિમાં શિક્ષણમાં, ભાવનાઓમાં, ધર્મમાં અને સમૃદ્ધિમાં આગળ વધ્યા વગર રહે નહીં, એમ ચોક્કસ કહી શકાય છે. શ્રી વીર શાસન દેવતા જૈન પ્રજામાં એવી ઉચ્ચ પ્રેરણા પ્રવર્ત્તાવો એજ અમારી અભ્યર્થના છે.

"તથાસ્તુ."

# દાનવીર રત્નપાળ.

(ગતાંક ૯ ના પા. ૨૯૨ થી શરૂ.)

**એક વિદેશી વ્યાપારીનો પ્રસંગ.**

એક વખતે કોઇ વિદેશી વ્યાપારી તે નગરમાં આવેલો તે અસાધ્ય વ્યાધિથી ગ્રસ્ત થઇ કોઈ શૂન્ય મઠમાં મૃત્યુ પામી ગયો. તેના અનાથ શબને અગ્નિ સંસ્કાર કરવાને મહાજન એકત્ર થયું, તેમાં વિવેકી ધનદત્તે ભાગ લીધો પરંતુ અવિવેક અને દ્રવ્યના ઊન્માદથી આત્માને ભુલી ગયેલા સિદ્ધદત્તને બોલાવ્યા છતાં પણ તેમાં ભાગ લીધો નહીં તે અનાથ શબને ઉપાડી મહાજનો શ્મશાનમાં લાવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે અજાણ્યા મુસાફરનું કુળ જાણ્યા વગર કોઈ તેને અગ્નિ સંસ્કાર કરતું ન હતું. મહાજને વિચાર કરી ધનદત્તને કહ્યું. સૌમ્ય, અમારી આજ્ઞાથી તમે આને અગ્નિ સંસ્કાર કરો." મહાજનની આજ્ઞાને રાજાની આજ્ઞા જેવી માની ધનદત્તે તે વાત માન્ય કરી. પછી મહાજન દૂર થઇ બેઠા એટલે ધનદત્તે નિશ્ચિત થઇ તે શબને ચિતામાં મુકયું અને તેની ઊપરથી વસ્ત્ર દૂર કર્યું, તેવામાં તે વસ્ત્રની ગાંઠે બાંધેલા પાંચ રત્નો તેના જોવામાં આવ્યા. અદત્તાદાનના નિયમવાલા ધનદત્તે તેને અગ્રાહ્ય જાણી લીધા નહીં. પછી મહાજનને બોલાવી તે પાંચ રત્નો બતાવ્યા. ધનદત્તની આવી નિર્લોભ વૃત્તિ જોઇ મહાજન આશ્ચર્ય પામી ગયા. પછી મહાજને ધનદત્તને જણાવ્યું કે, "ભદ્ર, આ અમૂલ્ય રત્નો ગ્રહણ કરો. આથી તમને અદત્તા દાનનો દોષ લાગશે નહીં. તે સમયે "જે અનાથ દ્રવ્ય હોય, તે સર્વ રાજાનું ગણાય છે." એવી સદ્બુદ્ધિ લાવી ધનદત્તે તે સ્વીકાર્યું નહીં. પછી મહાજને તે વૃત્તાંત રાજાને જણાવ્યો. આવી નિર્લોભ વૃત્તિથી ખુશી થયેલા રાજાએ ધનદત્તને તે પાંચ રત્નો અર્પણ કર્યાં. રાજાના આપવાથી ધનદત્તે તે લીધા અને પાંચ લાખ દ્રવ્યથી તે વેચી દીધા.

આટલું દ્રવ્ય પ્રાપ્ત થવાથી ધનદત્તે વિચાર કર્યો કે, માણસોને પૂણ્યથી પ્રાપ્ત થયેલ શુભદિવસ જેવું શુભ કરે છે, તેવું શુભ માતા પિતા, ભાઈ, મિત્ર કે સ્વામી કોઇપણ કરી શકતું નથી. જયારે પૂર્વના પાપથી આવેલો નઠારો દિવસ જે અશુભ કરે છે, તેવું અશુભ રોષ પામેલા વ્યાલ, વેતાળ વગેરે પણ કરી શકતા નથી. એક પક્ષે ચંદ્ર વધે છે અને બીજે પક્ષે ઘટે છે, એવી રીતે દેવતાઓને પણ શુભદિન અને અશુભ દિનનું ફળ મલે છે. તો પછી મનુષ્યોની શી વાત કરવી? તેથી બુદ્ધિમાન્ પુરૂષે વ્યાપાર કે ઊદ્યોગ વગેરે કાંઇપણ મોટું કાંમ કરવું હોય તો પ્રથમ તેણે પોતાના શુભાશુભ દિવસની પરીક્ષા કરવી જોઇએ." આ પ્રમાણે વિચારી ધનદત્તે મહાન્ વ્યાપાર કરવાની ઇચ્છા રાખી પોતાના શુભ દિવસની પરીક્ષા કરવા માટે પ્રથમ એક બકરી ખરીદ કરી. અલ્પ વૃષ્ટિ થાય તો કાદવ પણ અલ્પ થાય, અલ્પ અહાર કરવામાં આવે તો ઝાડો પણ અલ્પ થાય અને અલ્પ એવા ઉંચેથી પડે તો શરીરને પીડા પણ અલ્પ થાય, તેવી રીતે થોડો વેપાર કરવાથી નુકશાન પણ થોડું થાય. આવા વિચારથી જ ધનદત્તે પ્રથમ એક બકરી ખરીદ કરી હતી. તેને વનમાં ચરવા મુકી, ત્યાં પહેલેજ દિવસે કોઇ વરૂએ આવી તેનું ભક્ષણ કર્યું. પછી બીજી બકરી લીધી, તેણીની પણ એ દશા થઇ. પછી ત્રીજી લીધી. તેની પણ એજ સ્થિતિ થઇ. ત્રણ બકરીઓમાંથી એક પણ બકરી સંધ્યાકાલે પાછી ઘેર આવી નહીં. આ ઉપરથી ધનદત્તને નિશ્ચય થયો કે, હાલ તેનો શુભ દિવસ નથી. તેથી તે ઊત્તમ બુદ્ધિવાળા વણિકે પછી કાંઇ પણ વેપાર કર્યો નહીં.

કેટલોક સમય વીત્યા પછી ધનદતે પાછી એક બકરી ખરીદ કરી. તેણીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહેર ચરવા મુકી ત્યાં તેણીને બે બચ્ચા આવ્યા. પોતાના શુભ દિવસની સારી નીશાની જોઇ પછી તેણે બીજી બકરીઓ ખરીદવા માંડી. તે બધી પ્રસવવાથી ધનદત્તને ઘેર બકરાંઓનું મોટું ટોળું થઇ ગયું. પોતાના શુભ દિવસનો નિર્ણય થવાથી પછી ધનદત્તે ચૌટામાં આવી પાંચ લાખ રૂપીયાઆનું કરીયાણું ખરીદું. દૂર દેશાંતરથી બીજા વેપારીઓને તે વેચાતું આપ્યું, તેમાંથી ત્રણ દિવસમાં પચાશ લાખ સુવર્ણનો લાભ આવ્યો. આ લાભને લઈને તેણે વ્યાપારમાં વધારે ઉદ્યમ કરવા માંડયો. લાભ કર્મના ઉદયથી થોડા વખતમાં તે બારકોટી સુવર્ણ દ્રવ્યનો સ્વામી થઈ ગયો. જેમ જેમ તેની પાસે વિત્ત વધવા માંડયું; તેમ તેનામાં વિવેકનો ઉદય પણ સ્પર્ધાથી વધારે થવા લાગ્યો.

**ધનદત્તની વિવેક બુદ્ધિનો પેહેલો પ્રસંગ**

એક વખતે **સિદ્ધદત્ત** અને **ધનદત્ત** બંને ચૌટામાંથી ઘેર ભોજન કરવા આવતા હતા. તેવામાં માર્ગમાં રાજાના મોટા કુમારને બીજા કોઇ કુમારની સાથે મોટો વાદ થતો તેમના જોવામાં આવ્યો. “જ્યાં બેની વચ્ચે મોટો તકરાર થતો હોય ત્યાં ઉત્તમ પુરૂષોએ રહેવું ન જોઇએ” એ વિવેકને લઇને ધનદત્ત ત્યાંથી બીજી તરફ પ્રસાર થઇ ગયો. સિદ્ધદત્ત વિવેક વગરનો અને કલહ જોવામાં કૌતુકી હતો. તેથી ત્યાં ઉભો રહ્યો. બંને કુમારોએ તેને સારો ગૃહસ્થ જાણી પોતાના કલહમાં સાક્ષી તરીકે રાખ્યો. પછી તે બંને કુમારો પોતાનો કજીયો પતાવાને માટે સિદ્ધદત્તને સાક્ષી તરીકે સાથે લઇ અહંકાર સહિત રાજાની સભામાં આવ્યા. રાજાએ પ્રથમ સાક્ષીને ન્યાય-અન્યાય વિષે પુછયું. ત્યારે અવિવેકી સિદ્ધદત્તે રાજાના મોટા કુમારનો અન્યાય જણાવ્યો. આથી રાજા મનમાં ખેદ પામી ગયો તે વખતે રાજાએ તે બંનેના મનનું સમાધાન કર્યું, પરંતુ તે પછી કેટલાએક દિવસો ગયા પછી સિદ્ધદત્તને કોઇ ગુનામાં લાવી રાજાએ તેનો વીશ કરોડ સુવર્ણ દ્રવ્યનો દંડ કર્યો. સિદ્ધદત્ત મહાજનનો દ્વેષ પાત્ર હતો. એટલે તેમાં મહાજને પણ મદદ નહીં કરતાં ઉપેક્ષા કરી.

**સિદ્ધદત્તને શિક્ષા અને ધનદત્તનો લાભ થવાનો બીજો પ્રસંગ.**

એક વખતે લાવણ્યથી સુંદર અને રૂપ તથા સૌભાગ્યથી શોભતા સિદ્ધદત્ત અને ધનદત્ત રાજમાર્ગે ચાલ્યા જતા હતા. માર્ગમાં ગોખ ઉપર બેઠેલી મંત્રીની સ્ત્રી **રતિશ્રી**ની દ્રષ્ટિએ તેઓ આવ્યા. તેમને જોઇ તે સુંદરી કામવશ થઇ ગઇ. રૂપ, સૌભાગ્ય અને સૌંદર્યથી જાણે વિધાતાની શિલ્પ કળાની સીમા હોય તેવી તે ગોખ ઉપર બેઠેલી યુવતિ તે બંનેના જોવામાં આવી. વિવેકી ધનદત્ત તેને જોવામાં પાપ જાણી સૂર્યના બિંબથી જેમ દ્રષ્ટિને દૂર કરી ઉતાવળો ચાલ્યો ગયો. મલિન આત્માવાળો અને વિવેક રહિત સિદ્ધદત્ત વારંવાર ડોક વાળી તેણીને ત્યાં નીરખતો ઘણીવાર ઉભો રહ્યો. તેવામાં સેહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનો કોટવાળ ત્યાં અકસ્માત્ આવી ચડયો. ચેષ્ટા ઉપરથી સિદ્ધદત્તને પકડી બાંધી રાજાને સોંપી દીધો. રાજાએ તેને કેટલાએક દિવસ સુધી કારાગૃહમાં રાખ્યો. પછી છેવટે તેની પાસેથી દશ કોટી સુવર્ણ દ્રવ્યનો દંડ લઇ તેને છોડી મુકયો. આ ઉપરથી સમજવાનું કે, તે બંને વણિકોમાંથી કોઇએ લીધું નથી અને દીધું નથી તથાપિ તેઓમાં માત્ર વિવેક અને અવિવેકનોજ ભેદ રહેલો હતો.

**ધનદત્તની સદ્વૃત્તિનો ત્રીજો પ્રસંગ.**

એક વખતે કોઇ ચોરે એકાંતે આવી ધનદત્તને સવાકોટી મૂલ્યવાળા દશ રત્નો બતાવ્યા અને કહ્યું કે, " શ્રેષ્ઠી, આ સવાકોટી મૂલ્યવાળા દશ રત્નો લ્યો અને તેને બદલે માત્ર મને દશ હજાર [1]દ્રમ્મ આપો. આ રત્નો ચોરીના છે, તેથી સસ્તા આપું છું, નહીં તો કેમ અપાય ? " તે ચોરના આ વચનો સાંભળી વિવેકી ધનદત્તે વિચાર્યું " ચોરેલી વસ્તુ લેવી એ ચોરી કરવા જેવું છે. ૧ ચોરી કરનાર, ૨ ચોરી કરાવનાર, ૩ ચોરીનો વિચાર કરનાર, ૪ ચોરીનો જાણભેદુ, ૫ ચોરીનો માલ ખરીદનાર, ૬ ચોરને અન્ન આપનાર અને ૭ ચોરને સ્થાન આપનાર—એ સાત પ્રકારના ચોર ગણાય છે. " આવો વિચાર કરી વિવેકી ધનદત્તે લોભના વેગને અટકાવી તે રત્નો લીધા નહીં. પછી તે ચોર સિદ્ધદત્તની પાસે ગયો અને તેને તે રત્નો બતાવ્યા. સિદ્ધદત્તે લોભને વશ થઇ હર્ષ પામી તે ચોરેલા રત્નો સસ્તામાં ખરીદી લીધા. હવે તે ચોરના પાપનો ઘડો ભરાઇ રહ્યો હતો, તેથી એક વખતે તે ચોર ચોરીના માલ સાથે નાશી જતાં કોટવાળના હાથમાં સપડાઇ ગયો. તેને નિર્દયપણે ચાબુકનો માર મારી મનાવ્યો એટલે તેણે ચોરીના માલનું નામ અને ઠેકાણું સર્વ જણાવી દીધું, પૂર્વે ચોરેલી બધી વસ્તુઓનો પત્તો મળતાં કોટવાલે અગાઉ રાજાના ખજાનામાંથી ચોરાએલા રત્નો વિષે પુછયું. ત્યારે મારના ભયથી કંપતા એવા ચોરે કહ્યું, " મેં તે રત્નો ચોર્યા હતા. તે વેચવાને માટે ધનદત્ત શેઠને બતાવેલા પણ તેણે તે લીધા નહીં. પછી સિદ્ધદત્ત શેઠને બતાવ્યા, એટલે તેણે ખરીદી લીધા છે" ચોરની આ હકીકત કોટવાલે રાજાને જણાવી, તેથી ચોરીનો માલ રાખનાર સિદ્ધદત્ત ઉપર રાજા ઘણો જ ગુસ્સે થયો. તત્કાલ સિદ્ધદત્તને બોલાવી કારાગૃહમાં પૂરી દીધો અને તેને અન્નપાન આપવાનો અટકાવ કર્યો, તે ધનાઢય હતો છતાં અવિવેકને લઇને તેની આવી આપત્તિમાં નગરજનોએ ભાગ લીધો નહીં. કેટલાએક દિવસો સુધી ક્ષુધા અને તૃષાથી પીડિત થયેલા સિદ્ધદત્તે રાજાને ઘરનું સર્વસ્વ સોંપી દીધું, એટલે પછી રાજાએ તેને છોડી મુકયો. જેમ ઈષ્ટઅંગ નિર્જીવ થવાથી જેવો શોક થાય તેમ બધું ઘર, ધન, ધાન્ય વગેરેથી ખાલી થયેલું જોઇ સિદ્ધદત્તને ભારે શોક ઉત્પન્ન થયો. તત્કાલ તેણે આ પ્રમાણે વિચાર્યું—" અરે પેલી દેવીના પ્રસાદથી મારા ઘરમાં ઘણી લક્ષ્મી આવીને આટલો વખત રહી, તે છતાં મેં ત્યાગ અને ભોગ

[1] એક જાતનો સિક્કો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે તેનો ઉપયોગ કર્યો નહીં. મારામાં વિવેક આવ્યો નહીં; તેથી સ્વજનોએ પણ મારો ત્યાગ કર્યો અને છેવટે તે લક્ષ્મી પણ મારા ઘરમાંથી ચાલી ગઈ. અરે ! આ લોક તથા પરલોકને યોગ્ય એવા કાર્યોમાં મેં લક્ષ્મીનો ઉપયોગ કર્યો નહીં, જંગલમાં ઉગેલી માલતીની જેમ મારી લક્ષ્મી તદ્દન નિરૂપયોગી થઇ ગઇ. સ્વભાવે ચપળ એવી લક્ષ્મીને અને એમાં આસકત રહેનાર મૂર્ખ એવા મને ધિક્કાર છે. ધનદત્ત અને સિદ્ધદત્ત એવા અમો બંનેએ દેવીની પાસેથી ઇચ્છિત વર મેળવ્યો હતો. છતાં અમારા બંનેમાં ફળની વિચિત્રતા થઇ એ પૂર્વ કર્મનો જ પ્રભાવ સમજવો." આ પ્રમાણે ચિંતવતો સિદ્ધદત્ત અનેક દુઃખના દાહથી દગ્ધ થતો આ સંસાર ઉપરથી વિરકત થઇ તાપસ બની ગયો.

આ તરફ વિવેકી ધનદત્તનું વૃત્તાંત સાંભળી વિસ્મય પામેલા રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો અને તેને પુછ્યું. "શેઠજી, તમને રત્નો લેવામાં ઘણો લાભ મળતો હતો, છતાં તમોએ ચોર પાસેથી રત્નો કેમ લીધા નહીં ? ઇંદ્રથી માંડીને કીડી સુધી અસ્ખલિતપણે પ્રસરનારો લોભ તમારા ચિત્તમાં કેમ પેશી શકયો નહીં ? ધનદત્તે કહ્યું "રાજન્, આ જગત્‌માં જેટલા પાપો છે, તે બધાનું મૂલ લોભ છે. માણસમાં જો એક લોભ હોય તો પછી બીજા અવગુણની જરૂર રહેતી નથી. આવા શાસ્ત્રોના અર્થોને હું હંમેશાં મંત્રની જેમ સંભાર્યા કરૂં છું, તેથી લોભરૂપી પિશાચ મારી પાસે કદિપણ આવી શકતો નથી. વળી નીતિશાસ્ત્રમાં લખે છે કે, ઘણો લાભ મળતો હોય તો પણ ચોરી અને ચોરીથી લાવેલું દ્રવ્ય ન્યાય માર્ગે ચાલનારાઓએ સર્વથા ત્યાગ કરી દેવું. હે સ્વામી હૃદયમાં સંતોષ રાખનારા એવા મેં એવા વિચારથી તે દ્રવ્ય લીધું નહીં." ધનદત્તના આ વચનો સાંભળી રાજા ઘણો ખુશી થઇ ગયો અને તેની નિર્લોભ વૃત્તિથી આકર્ષાયેલા રાજાએ તેનો ભારે સત્કાર કર્યો. સાત વ્યસનોમાં આસકત ન થવાથી, શુદ્ધ વ્યવહારમાં નિષ્ઠા રાખવાથી, સદ્ધર્મ પાળવાથી, સત્ય તથા પ્રિય વચનો બોલવાથી અને સર્વત્ર ઉદારતા રાખવાથી ધનદત્ત મહત્તાઅને સમૃદ્ધિમાં વૃદ્ધિ પામી સર્વ લોકને પ્રિય થઇ પડયો હતો.

**ધનદત્તને પ્રાપ્ત થયેલો એક ધૂર્ત્તનો ત્રીજો પ્રસંગ**

એક વખતે કોઇ ધૂર્ત્તપુરૂષ હાથમાં કોટી મૂલ્યવાળા પાંચ રત્નો રાખી તે રાજાની સભામાં આવ્યો. તે રત્નોને બતાવતો સભાવચ્ચે આ પ્રમાણે બોલ્યો–" સમુદ્રની અંદર જલ કેટલું હશે. અને કાદવ કેટલો હશે ? મારા હૃદયમાં ઘણાં વખતથી આ મોટો સંશય છે. જે કોઈ વિદ્વાન્ સમુદ્રના જલ અને કાદવની ન્યૂનાધિકતા જણાવે તેને હું પાંચ રત્નો આપીશ " આ ધૂર્ત્તના સંશયને કોઇ પણ દૂર કરી શકયું નહીં. આ વાર્ત્તા નગરમાં ચારે તરફ પ્રસરી ગઇ. આ વખતે દેવીના પ્રસાદથી જેનામાં વિવેકબુદ્ધિ પ્રાપ્ત થઇ છે, એવા ધનદત્તના જાણવામાં એ વાત આવી. એટલે રાજાની મહત્તા રાખવા માટે તે રાજસભામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો. તેણે આવી સભાવચ્ચે તે ધૂર્તને જણાવ્યું કે, "સમુદ્રમાં જલનો ભાગ થોડો છે. અને કાદવનો ભાગ વધારે છે. જો તને મારા આ વચન ઉપર પ્રતીતિ ન આવતી હોય તો પ્રથમ સમુદ્રની અંદર મળનારી ગંગા વગેરે નદીઓને અટકાવી સમુદ્રના સર્વ જળની સંખ્યા કરીલે પછી સમુદ્રનું બાકી રહેલું જળ જુદું કરી સમુદ્રના કાદવની સંખ્યા કર એટલે કાદવ વધી પડશે." આ પ્રમાણે ધનદત્તના ચાતુર્ય ભરેલી યુક્તિવાળા વચનો સાંભળી તે ધૂર્ત્ત પુરૂષ પોતાનો પરાજય થયેલો માની વિલખો બની ગયો અને તત્કાળ તેણે ધનદતને પાંચે રત્નો અર્પણ કરી દીધા. નગરજનોએ ઉપહાસ્ય કરેલો તે ધુર્ત્ત સત્વર નગરમાંથી નીકળી ગયો. રાજાએ ધનદત્તની બુદ્ધિની અતિ પ્રશંસા કરી તેનો ઘણો સત્કાર કર્યો અને તેને મોટાઉત્સવ સહિત ઘેર મોકલ્યો.

**ધનદત્તને થયેલો એક બીજા ધૂર્ત્તનો ચોથો પ્રસંગ.**

એક વખતે કોઇ બીજો ધૂર્ત્ત મોટા સાહુકારનો વેષ ધારણ કરી તે નગરમાં આવ્યો. રૂપ અને નવ યૌવનથી સુશોભિત એવા તેણે ભારે શૃંગાર ધારણ કર્યો હતો. તે નગરમાં **અનંગલેખા** નામે એક વેશ્યા રહેતી હતી. તેણીની પાસે બાર કોટી સુવર્ણ દ્રવ્ય હતું. અને તે રૂપ તથા સૌભાગ્યનું સ્થાન હતી. તે ધૂર્ત્ત આ વેશ્યાને ઘેર ગયો. દેખાવ ઉપરથી 'આ કોઇ મોટો ધનાઢય સાહુકાર લાગે છે,' એવું વિચારી તેને વશ કરવા માટે તે વેશ્યા કપટથી તેની આગળ પોતાનો પ્રેમ દર્શાવા લાગી. તેણીએ નમ્રતાથી જણાવ્યું, "પ્રિય, આજે સ્વપ્નામાં મેં તમારી પાસેથી બારકોટી સુવર્ણ પ્રાપ્ત કર્યું હતું. તેવામાંજ તમે કલ્પવૃક્ષની જેમ મારે ઘેર આવી ચડયા. એથી મારૂં સ્વપ્ન ખરેખર સત્ય થયું." ધૂર્ત્ત બોલ્યો. "હે સુંદરી, તમારૂં સ્વપ્ન સત્ય છે. મને પણ એવું સ્વપ્ન આવ્યું કે, જાણે મેં તમારે ઘેર બારકોટી સુવર્ણ દ્રવ્યની થાપણ મુકી. તે ઉપરથી હું તમારા ઘરમાં ભોગ સુખની ઇચ્છાથી બાર વર્ષ સુધી રહું, એવા વિચાર ઉપર આવ્યો હતો. તેવામાં કોઇ વેપારી કાફલો દ્રવ્ય મેળવવા ઉત્સુક થઇ દેશાંતર જવા તૈયાર થયેલો મારા જોવામાં આવ્યો ત્યાં વેપાર કરવામાં ઘણો લાભ છે, એવું ધારી હું તેની સાથે આજે દેશાંતર જાઉં છું. ત્યાં વેપારથી ઘણું ધન ઉપાર્જન કરી તમારા સૌભાગ્ય ગુણથી આકર્ષાઇ પાછો તમારે ઘેર આવીશ. માટે મારૂં થાપણ મુકેલું બારકોટી સુવર્ણ દ્રવ્ય પાછું આપો." આ પ્રમાણે કહી તેણે વેશ્યાનો હાથ પકડયો. અને તેણીને તે ભર બજારમાં લઇ ગયો. તે બંનેની વચ્ચે મોટો કજીયો થઇ પડયો. તેમનો કજીયો કોઇ પતાવી શક્યું નહીં. સર્વે વેશ્યાનું હાસ્ય કરવા લાગ્યા. છેવટે વેશ્યાએ નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે, જે કોઇ બુદ્ધિમાન પુરૂષ વેશ્યાને આ કલહમાંથી છોડાવશે તેને એક કોટી સુવર્ણ આપવામાં આવશે અને તેને બંધુ તરીકે ગણવામાં આવશે." આ ઉદ્ઘોષણા સાંભળી ધનદત્ત ત્યાં આવ્યો અને પોતાની વિવેકવતી બુદ્ધિથી તે કલહ ભાંગવા તૈયાર થયો. તેણે આવી એક બાર કોટી સુવર્ણના મૂલ્યવાળો મહામણિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમણાં હાથમાં લીધો અને ડાબા હાથમાં દર્પણ રાખી તેની અંદર તેના પ્રતિબિંબો પાડયા. પછી ધનદત્તે ધૂર્ત્તને કહ્યું, "અરે ભાઇ, આ દર્પણમાં રહેલા મણીઓને લઇ આ વેશ્યાને છોડીદે." ધૂર્ત્તે કહ્યું. "દર્પણમાં પ્રતિબિંબ રૂપે રહેલા મણિઓ મારાથી શીરીતે લેવાય? એવા મણિઓનું દ્રવ્ય ઊપજતું નથી." ધનદત્ત બોલ્યો. "ભદ્ર, જેવી તારી ભાવના છે, એવી સિદ્ધિ થાય છે. જેવું તેં આ વેશ્યાને સ્વપ્નામાં દ્રવ્ય થાપણ રૂપે આપ્યું, તેવું તે આ પ્રતિબિંબ રૂપે દ્રવ્ય પાછું આપે છે. એમાં કોઇ જાતનો દોષ નથી." ધનદત્તના આ વચન સાંભળી ધૂર્ત્ત કાંઇ પણ ઉત્તર આપી શકયો નહીં. તત્કાળ તે લજ્જાથી વિલખો થઇ જેમ આવ્યો હતો, તેમ પાછો ચાલ્યો ગયો. આવા ન્યાયથી મુક્ત થઇ ખુશી થયેલી વેશ્યાએ ધનદત્તને એક કોટી સુવર્ણ બક્ષીસ આપ્યું. આવી રીતે બુદ્ધિનો ભંડાર ધનદત્ત સમૃદ્ધિથી વધી એકંદર પચાશ કોટી સુવર્ણના સ્વામી થઇ ગયો.

**ધનદત્તને બનેલો એક રાક્ષસનો પાંચમો પ્રસંગ.**

એક વખતે કોઇ બળવાન રાક્ષસ તે નગરમાં આવી ચડયો. તેણે રાજાને પકડી અંત દશામાં લાવી મુકયો. નગરમાં હાહાકાર વર્ત્તી રહ્યો; પછી તે રાક્ષસ આકાશ માર્ગે રહી બોલ્યો કે, "જો કોઇ પુરૂષ મારૂં બલિદાન રૂપ થાય તો હું આ રાજાને છોડી મુકું" રાક્ષસના આ વચનો સાંભળી આત્મભોગ આપવાને સમર્થ એવા મંત્રિ વગેરે અને સત્વ રહિત પુરૂષો તો શરમાઇને નીચું જોઇ રહ્યા. આ સમયે પરોપકારમાં પરાયણ એવો ધનદત્ત પોતાના રાજાનો બચાવ કરવાને તે રાક્ષસને આત્મ બલિદાન આપવાને તૈયાર થઇ ગયો. તેના આ મહાસત્વથી રાક્ષસ સંતુષ્ટ થઇ ગયો, અને તે રાજાને છોડી દઇ, ધનદત્તને બાર કોટી સુવર્ણ દ્રવ્ય આપી અદશ્ય થઇ ગયો. આ રાક્ષસ માંસ ભક્ષક ન હતો, તે કોઇ વ્યંતર જાતિનો દેવ હતો, માત્ર પુરૂષોનું સત્વ જોવાને માટેજ અહિં આવ્યો હતો. કૃતજ્ઞ રાજા આ સમયે પોતાના ઉપકારી ધનદત્ત ઉપર ઘણોજ ખુશી થયો. અને તેણે તત્કાળ ધનદત્તને પોતાના મહાજનની મુખ્ય પદવી આપી. નગરશેઠ બનાવી દીધો, પછી રાજા ભદ્રિક પ્રકૃતિ ધારણ કરી, સદા પાપથી ભીરૂ બની અને સૌમ્યદ્રષ્ટિ રાખી નીતિ વડે પ્રજાપાલન કરવા લાગ્યો.

**રત્નવીર.**

એક વખતે વસંત ઋતુ આવતાં તે રાજા ઋતુ ક્રીડા કરવા માટે અંતઃપુરના પરિવાર સાથે બાહેર ઉદ્યાનમાં ગયો. મધ્યાન્હકાળ થતાં રાજાની આજ્ઞાથી રસોયાઓ વિવિધ જાતની રસવતી બનાવવા લાગ્યા. આ સમયે કેટલાએક મુનિઓ સાર્થથી ભ્રષ્ટ થઇ તે માર્ગે આવી ચઢયા. ક્ષુધા અને તૃષાથી ગ્લાની પામેલા તે મુનિઓ ત્રણ દિવસે મહાન અટવીનું ઉલ્લંઘન કરી આ સ્થલે આવ્યા હતા. તેમને જોઇ રાજાના અને રાણીઓના હૃદયમાં દયા ઉત્પન થઇ આવી. તત્કાલ રસોઈ તૈયાર ન હતી. તેથી ચોખાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાસુક જલ વેહોરવાને માટે તેમને વિનંતી કરી. સમયે પ્રાપ્ત થએલું તે શુદ્ધ જળ જાણી એક તુંબીપાત્ર ભરાય તેટલું વેહોર્યું અને પછી એક નજીકના વૃક્ષ નીચે છાયામાં બેસી તે મુનિઓએ અમૃતવત્ માની તેનું પાન કરી લીધું અને તેઓ સ્વસ્થ થયા પછી રાજા તેમની પાસે ગયો. તેમનાં મુખનો ઊપદેશ સાંભળી તેણે લઘુકર્મી બની પ્રિયા સહિત શ્રાવકધર્મ અંગીકાર કર્યો. અનુક્રમે શ્રદ્ધાથી શુદ્ધ શ્રાવક ધર્મ પાળી તે રાજા કાળધર્મને પામી ગયો.

સર્વજ્ઞ પ્રભુ કહે છે, હે પ્રજાપાળક રાજા રત્નપાળ ! કાળ ધર્મને પામેલા તે રાજાનો જીવ તું પોતેજ ભાગ્યની ભૂમિરૂપ થઇ અવતર્યો છે. દુઃખના દાહથી જેને વૈરાગ્ય થયું હતું, એવો પેલો તાપસ થએલો સિદ્ધદત્ત ક્રિયાવડે અજ્ઞાન કષ્ટ પામી તારો જયમંત્રી થયો છે. તે વખતે લોભ વડે તેં તેનું વાહાણુ બાર દિવસ અટકાવેલું તે વેરને લીધે તેણે બાર વર્ષ સુધી તારૂં રાજ્ય લીધું હતું, ઋણુ અને વૈર એ બંનેની માણુસો મૂર્ખતાથી ઉપેક્ષા કરે છે. તો તે કોટી ભવ સુધી પણુ જીર્ણ થતું નથી. તેમના અધ્યવસાયથી જન્માંતરે તે ઋણુ તથા વૈર સો અથવા હજાર ગણું આપવું પડે છે. જે પેલો વિદેશી શ્રાવક આવ્યો હતો, તે ધનદત્તનો જીવ હતો. પૂર્વ જન્મના ઉપકારને લઇને તે જ્યારે વ્યાધિગ્રસ્ત થયો ત્યારે તેં તેની બરદાસ કરી હતી. વળી તેના અંતકાળે તેં આરાધન તથા અનશનની ક્રિયા કરાવેલી તેથી કૃતજ્ઞપણાને લઇને તેણે દેવતા થઇ તારો ઉપકાર કર્યો હતો. પૂર્વની નવ સ્રીઓ સ્નેહને લઈને તને આ ભવે મળેલી છે. અને પૂર્વે જળદાન કરવાથી તેઓ ભોગનિક કર્મ ભોગવવા માટે તારી સાથે રહેલી છે. તેઓમાં રાણી શૃંગારસુંદરી શ્રી દેવી થઈ છે. પૂર્વે યૌવન વયથી ઉન્મત્ત થએલી તે રાણીએ હાસ્યવડે કાયોત્સર્ગે રહેલા કોઈ મુનિ ઉપર ધુડ નાંખી હતી, તે ઉપરથી શૃંગાર સુંદરીને આ જન્મમાં અનેક જાતની વિડંબના થઇ હતી. " હે કુષ્ટી, તું મારૂં વચન સત્વર કેમ કરતો નથી. " એમ કનકમંજરીએ પૂર્વ જન્મે પોતાના એક સેવકને કહયું હતું, તે ઉપરથી કનકમંજરીને કોઢ થયો હતો. તેવી રીતે પૂર્વ જમન્માં ગુણુમંજરીએ પોતાના સેવકને અંધ કહેલો તે ઉપરથી તે આ જન્મમાં અંધ થઇ હતી. તે બંનેએ પાછળથી તેનો પશ્ચાતાપ કરેલો તેથી તેમનો તે વ્યાધિ શાંત થયો હતો. હે રાજા, તેં પૂર્વ ભવે પેલા મુનિઓને શ્રદ્ધાથી ચોખાના પાણીનું એક તુંબડું આપેલ તે ઉપરથી તને આ ભવે સર્વ અર્થને સાધનારૂં દિવ્ય રસનું તુંબડું અને તેજસ્વી નિષ્કંટક સામ્રાજ્ય મલ્યું છે. "

આ પ્રમાણે સર્વજ્ઞ પ્રભુના મુખથી પોતાના પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી રાજા રત્નપાળ પોતાની રાણી સહિત પ્રસન્ન થયો, અને તેને જાતિસ્મરણુ જ્ઞાન ઉત્પન્ન થઇ આવ્યું. તે સમયે આ કહેલો સર્વ બનાવ તેના અનુભવવામાં આવ્યો, તત્કાળ તેના હૃદયમાં અભંગ વૈરાગ્ય ઉત્પન્ન થઇ આવ્યો, તેથી તે મનમાં આ પ્રમાણે ચિંતવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો, "આ દુઃખમય સંસારમાં રહેનારા જીવોએ પૂર્વે તૃષ્ણાથી ચપળ થઇ વિષયોને અનંતવાર ભોગવ્યા છે, તથાપિ તેની અંદર આસક્ત રહેલા જડ પ્રાણીઓ પરલોકમાં આત્માનું હિત કરનારા આર્હંત ધર્મને આચરતા નથી." જેમ શરદ્ ઋતુના વાદળાનું જાળ પવનથી વિખરાઇ જાય છે, તેમ આ સંસારના સર્વ બનાવો ક્ષણવારમાં નાશ પામી જાય છે. લક્ષ્મી તરંગના જેવી ચપળ છે, ઇષ્ટ વસ્તુનો સંયોગ માર્ગમાં વિશ્રાંતિ લેવા મળેલા મુસાફરોના સાથના જેવો છે, સર્વ વિષયો ઉપરથી મધુર, પણ પરિણામે દારૂણ છે, કદલીના ગર્ભની જેમ આ સંસારમાં કાંઇપણ સાર નથી. આ પૃથ્વી ઉપર જે કાંઇ દેખાય છે, તે સ્વપ્ના જેવું છે, એક સ્વપ્ન સુતેલાને થાય છે અને બીજું સ્વપ્ન જાગતાને થાય છે. આ શરીર ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જોવામાં આવતું નથી, પણ તે જયારે જળમાં મુકેલા કાચા ઘડાની જેમ વિંશીર્ણ થાય છે, ત્યારે જોવામાં આવે છે. આયુષ્ય નાસિકાના શ્વાસોશ્વાસના યોગથી જાણે આગળ ગમન કરવાનો ઉદ્યોગ કરતું હોય તેવું દેખાય છે. આ આત્મા કે જેઓ જેમનાથી ઉત્પન્ન થયેલા હતા, તેઓ ચાલ્યા ગયા તેમને જોતો અને પોતાની સાથે થયેલાને પણ મુકીને જોતો જોતો ચાલતો થાય છે, છતાં પણ તે આકુળ–વ્યાકુળ થતો નથી. એ આશ્ચર્યની વાત છે, તેને માટે લખેલું છે કે, "જેમનાથી અમે ઉત્પન્ન થયેલા છીએ, તેઓ ઘણાં વખતથી ચાલ્યા ગયા છે અને જેમની સાથે અમે ઉછર્યા છીએ, તેઓ પણ માત્ર સ્મૃતિના વિષયમાં રહ્યા છે અને જેઓ હાલ રહેલા છે, તેઓ હવે પ્રતિદિન પડવાની સ્થિતિ ઊપર આવતા જાય છે. તેથી અમારી અવસ્થા રેતીવાળી નદીના તીર ઉપર ઉગેલા વૃક્ષોના જેવી છે. આ વિષયો લાંબો કાળ રહેલા છે, તોપણ તેઓ અવશ્ય જનારા છે. તેથી જો તે વિષયોને પોતાની મેલે છોડી દીધા હોયતો તે સુખકારક થાય છે."

તેથી આ સંસારમાં બુદ્ધિમાન્ મનુષ્યે વિષયોને છોડી શ્રી સર્વજ્ઞ કથિત શ્રેષ્ઠ ધર્મનો સંગ્રહ કરવો." આ પ્રમાણે ચિંતવી રાજા રત્નપાળે શુદ્ધ હૃદયથી દીક્ષા ગ્રહણ કરવા તૈયાર થયો. તે સમયે સદ્ગુણોની કદર કરી પ્રૌઢતાને પમાડેલા પ્રધાનો, અને સામંતો આવી ખેદ સહિત આ પ્રમાણે કહેવા લાગ્યા—"હે સ્વામી, તમે અમારા સર્વનું એક જીવન છો. કલ્પવૃક્ષ જેવા તમારાથી ચ્યવી પડેલા અમે પુષ્પો પછી કેવી રીતે રહી શકીશું? વિવિધ ભોગને લાયક એવો આ તમારા અંતઃપુરનો પરિવાર કે જેને તમે શિરમાંથી ભ્રષ્ટ થયેલા કેશની જેમ છોડી દો છો, તેનું શું થશે? હે ન્યાયનિષ્ટ, મહારાજા, તમોએ પાલણ પોષણ કરેલી આ પ્રજા બીજા પાસેથી માતપિતાનું સુખ શી રીતે મેળવી શકશે?"

આ પ્રમાણે મોહને ઉદ્દીપન કરનારા વાકયો કહ્યાં, તો પણ વૈરાગ્યમાં સ્થિર થયેલું રાજાનું મન જરા પણ કંપાયમાન થયું નહીં. પછી રાજા રત્નપાળે સર્વની સમક્ષ શિખામણ આપી પોતાના પ્રતિબિંબ જેવા **મેઘરથ** નામના પુત્રને રાજ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન ઉપર બેસાર્યો. ત્યારબાદ સર્વ લોકોમાં શ્રી જૈનધર્મનો ઉદ્યોત કરવાને પોતાની પ્રિયાઓની સાથે અષ્ટાન્હિક ઉત્સવ આરંભ્યો. તે પછી દીન-અનાથ જનોને દાન આપતાં રત્નપાળ રાજાએ શ્રી મહાસેન મુનિની પાસે દીક્ષા લીધી. પવિત્ર હૃદયવાળો તે રાજા નિરતિચાર ચારિત્રને પાળી અને દુસ્તપ તપ આચરી છેવટે કાળ ધર્મને પામી મહાન્ દેવતા થયો હતો. દેવલોકમાં તે ચિરકાળ અદ્ભુત દિવ્ય સમૃદ્ધિ ભોગવી અને ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણાને પ્રાપ્ત કરી છેવટે અલ્પ સમયમાં સિદ્ધિપદને મેળવશે

હે સત્તમ મનુષ્યો, આ દાનવીર રત્નપાળના ચરિત્ર ઉપરથી તમારે માનવાનું કે, આ જગતમાં જે શુદ્ધ દાન છે, તે અનુપમ સમૃદ્ધિઓનું મૂળ છે. તેથી તમો તેવું દાન કરવા શુદ્ધ હૃદયથી યત્ન કરજો.

## ગ્રંથકારની પ્રશસ્તિ.

શ્રી તપાગચ્છના સ્વામી **શ્રી સોમસુંદરસૂરિ** થયા હતા. તેમની પાટે યુગ પ્રધાન શ્રી મુનિસુંદરસૂરિ થયા હતા. તેમના ચરણ કમળમાં ભ્રમરરૂપ **શ્રીસોમમંડન** થયા, તેમણે પોતાના આત્માના અને બીજાના ઉપકારને માટે આ દાનના માહાત્મ્યની સત્કથા રચેલી છે. શુભ-આશયવાળા બુદ્ધિમાન્ પુરૂષોએ આ કથા શોધી લેવી અને કલ્યાણની સ્પૃહાવાળા મનુષ્યોએ તેને ચિરકાળ વાંચ્યા કરવી. **શ્રીમુનિસુંદરસૂરિ**ની પાટે હાલ થયેલા વિજયવંત શ્રી રત્નશેખરગણી તમારા કલ્યાણની સંપત્તિને માટે થાઓ. **સમાપ્ત.**

## સમતા રંગમાં રમણ કરવા આત્માને વ્યકિતગત સંબોધન-પદ.

( હરિગીત. )

મમતા વિષે તું જાણજે લક્ષ્મી તણો નહિ વાસ છે,
પરભાવ મમતા રાખતાં આત્મા તણી કાળાશ છે;
લક્ષાધિપતિઓ રાખ થાતા વૈભવોને સંહરી,
હે ભાઈ! સમતા રંગ રમીએ સંગ મમતા પરિહરી.
૧

રક્ષવા મૂર્ખો ધૂળે ધન દાટતા ધરણી તળે,
નિજ વદન ધૂળે ઢાંકતા પરભાવ વાસનના બળે;
જો સર્પ ઉંદર ત્યાં થતા લક્ષ્મી અલક્ષ્મી તે ઠરી,
હે ભાઇ! સમતા રંગ રમીએ સંગ મમતા પરિહરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨

સદ્‌ભાવ જ્ઞાન સમુદ્રની સમતા રૂપી દુહિતા તણો,
છે. ભાઇ અનુભવ ચંદ્ર લાવે રત્ન એ અમૃત ગણો;
શુભ શ્રેણિ ક્ષપક પમાડતી એ ભોગ વિષને સંહરી,
હે ભાઇ! સમતા રંગ રમીએ સંગ મમતા પરિહરી.

૩

નેત્રો હજારો ચરણ છે વળી ચાર મુખ એ મોહથી,
ભયભ્રાંત સમતા લક્ષ્મી સ્વામીને તપાસે શોધથી;
આનંદઘન પુરૂષોત્તમે કંઠે લગાડી હિત ધરી,
હે ભાઇ! સમતા રંગ રમીએ સંગ મમતા પરિહરી.

શા. ફતેચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

# श्रृंगारे धर्मः

## શ્રૃંગારથી શું ધર્મ પ્રાપ્તિ થાય છે?

### લેખક મુનિ શ્રી મણિવિજયજી મુ. લુણાવાડા.

(પુષ્પ ૧૦ મું)

**શ્રૃંગારઃ**—પ્રિય વાચક, તે તો તું જાણતોજ હોઇશ કે, આ દુનિયાને વિષે દરેક જીવોને શ્રૃંગાર ઘણોજ પ્રિય હોય છે. અને નવ રસોમાં શાસ્ત્રકારોએ શ્રૃંગાર રસનો ભભકો કોઇ ઓરજ નવીન જુદોજ કહેલો છે.

વાસ્તવિક રીતે તપાસ કરતાં શ્રૃંગાર લોકોને કેવળ મોહવૃદ્ધિ, વિષયવૃદ્ધિ, કર્મવૃદ્ધિ તેમજ ભવવૃદ્ધિ કરાવનારોજ છે. વિશેષ આશ્ચર્યની વાર્તાતો એ છે કે બાળક, યુવાન, મધ્યમ વયવાળા મનુષ્યોને શ્રૃંગાર પ્રિય હોયજ પરંતુ વૃદ્ધાવસ્થાને વિષે પણ મોહિત જીવડાઓને શ્રૃંગાર ઘણોજ પ્રિય હોય છે, તેજ આશ્ચર્ય છે.

દુનિયામાં જ્યારે બાળક, યુવાન, અને વૃદ્ધ જીવોને શ્રૃંગાર પ્રિય છે ત્યારે બાકી કોણ રહ્યું? એવો કોઇ પ્રશ્ન કરે તો એકજ ઉત્તરમાં એમ કહી શકાય કે એક ત્યાગીયોજ ફક્ત બાકી રહેલા છે, કારણ કે ત્યાગીઓ શ્રૃંગારને ધારણ કરે નહીં કદાચ ધારણ કરે તો તે ત્યાગી નહીં પરંતુ સંસારીજ કહેવાય.

શરીરાદિકની શોભાને છોડી દઇ, વસ્ત્રાલંકારને ત્યાગ કરી, સંસારની ઉપાધિથી મુકત થયેલા એવા અને મુકિતમાર્ગે પ્રવર્ત્તમાન થયેલા સર્વથા નિઃસંગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગીયોને શૃંગાર આદર કરવા લાયક નથી. કિંતુ તિરસ્કાર કરવા લાયક છે. યદ્યપિ ઉત્તમ જીવોને શૃંગાર સર્વથા ત્યજનીય છે તથાપિ કોઇ કોઈ જીવે ને બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિના પૂર્વ ભવમાં ચંડાળ ભ્રાતૃ યુગલના પેઠે વૈરાગ્ય તથા ધર્મના હેતુભૂત થાય છે.

## ब्रह्मदत्त चक्रि पूर्व नव चंमाळ भ्रातृ युगल दृष्टांतो यथा

સાકેતપુર નામના નગરને વિષે ચંદ્રાવતંસકનો પુત્ર મુનિચંદ્ર હતો; તેણે કામ ભોગ થકી નિવર્ત્તમાન થઈ સાગરચંદ્ર મુનિ પાસે દિક્ષા અંગીકાર કરી.

અન્યદા ગુરૂમહારાજના સાથે દેશાંતર પ્રત્યે વિહાર કરતાં માર્ગમાં ભિક્ષા લેવામાટે કોઇ ગામમાં પ્રવેશ કર્યો અને ભિક્ષા લઇ, ગુરૂમહારાજના પછાડી ચાલ્યા. પરંતુ રસ્તાનું વિસ્મરણ થઈ જવાથી. માર્ગ ભુલી જઇ; સાધુના સાર્થ થકી ભ્રષ્ટ થઇ, વિંધ્યા અટવીમાં પડયા અને અત્યંત પરિશ્રમ પડવાથી વૃક્ષના નીચે બેઠા ત્યાં તેને મુચ્છા આવી ગઈ.

તે અવસરે ત્યાં ચાર ગોવાલીયા આવ્યા તેમણે આસ્નનાવાસના કરવાથી મુચ્છા દૂર થઇ, તેથી મુનિચંદ્ર મુનિ સ્વસ્થ થયા અને તે ચ્યારે જણાને ધર્મનો બોધ આપ્યો. તેથી તેઓએ તે ગ્રહણ કર્યો.

તે ચ્યારેમાંથી બે જણાયે આ સંયમમાં સર્વે સારૂં, પરંતુ મલ મલીન શરીર સારૂં નહિ અર્થાત્ સ્નાનાદિકને કરતા નથી તે સારૂ નહિં. આવી રીતે જુગુપ્સા કરી; પરંતુ સમ્યક્ત્વના પ્રતિપાલન કરવાથી, તે બન્ને સ્વર્ગે ગયા. તેમજ બીજા બન્ને પણ, રૂડી રીતે ધર્મનું આરાધન કરી સ્વર્ગે ગયા. અર્થાત્ ચ્યારે સ્વર્ગે ગયા.

ત્યારબાદ જેમણે જુગુપ્સા કરી નથી, એવા બે જણા સ્વર્ગના સુખોને ભોગવી આયુષ્ય પૂર્ણ થયે સતે ઇષુકાર પુરે બ્રાહ્મણના કુલને વિષે બન્ને જણા ઉપ્તન્ન થયા.

તથા જુગુપ્સા કરનાર બન્નેજણા દશપુર નગરને વિષે શૈંડીલ્ય નામનો બ્રાહ્મણ હતો, તેની દાસીની કુક્ષિને વિષે યુગલ પણે ઉપ્તન્ન થયા, અર્થાત્ બન્ને સાથે જન્મ્યા.

ત્યારબાદ ક્ષેત્રને વિષે ગયેલા તે બન્ને જણાને સર્પ કરડયો તેથી મરણ પામી કાલિંજર નામના પર્વતને વિષે બન્ને મૃગલા થયા.

ત્યાંપણ વ્યાધે (પારધીયે) તે બન્નેનો વધ કરવાથી, મરણ પામી ગંગા નદીને કાંઠે બંન્ને સાથે હંસલા થયા.

ત્યાંપણ ધીવર કહેતા માચ્છીમારે વધ કરવાથી મરણ પામી, વાણારસી નામની નગરીને વિષે ભૂદિન્ન નામના ચંડાલના બંન્ને પુત્રો થયા તેના નામ ચિત્રને સંભૂતિ પાડયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વણારસી નામની નગરીને વિષે શંખ નામનો રાજા રાજય કરતો હતો અને તેમને નમુચિ નામનો પ્રધાન હતો.

અન્યદા અપરાધ કરનાર એવા તે નમુચિને મારવાને માટે રાજાએ ગુપ્ત રીતે ચિત્ર તથા સંભુતિનો પિતા જે ભૂદિન્ન ચંડાલ હતો, તેને સોંપ્યો.

ત્યારબાદ ચંડાલ નમુચિને કહેવા લાગ્યો કે, જો તું મ્હારા પુત્રોને ભણાવે તો તને જીવતો છોડું. તે શિવાય તું બચવા પામવાનો નથી. નમુચિયે હા પાડવાથી ગુપ્ત જગ્યામાં તેને રાખ્યો અને ચિત્ર તથા સંભૂતિને તે ભણાવવા લાગ્યો બન્નેને કળા ગૃહણ કરાવી, તેમજ નમુચિ ચિત્ર તથા સંભુતિની માતાને વિષે પણ લુબ્ધ થયો.

તે વૃત્તાંત ભૂદિન્ન ચંડાળના જાણવામાં આવવાથી નમુચિને મારવાનો ઉપાય કર્યો. પણ ચિત્ર અને સંભુતિના જાણવામાં આવવાથી આ અમારો વિદ્યાગુરૂ છે એમ જાણી તેને જણાવી દીધું કે મ્હારો પિતા તમને મારવા માટે પ્રયત્ન કરે છે.

મરણનો ભય પામી નમુચિ ત્યાંથી નાશી જઇ ગજપુર નગરને વિષે સનત્કુમાર ચક્રવર્ત્તિનો મંત્રિ થયો.

ત્યારબાદ ચિત્ર અને સંભુતિયે રૂપ, યૌવન, લાવણ્ય, નાટક, વેણું, વીણા તથા ગાંધર્વ વિગેરે જ્ઞાન તાનની વિવિધ પ્રકારની કળા વડે કરી, વાણારસી નગરીના સર્વે લોકોના મનને તેમજ હૃદયને હરણ કરી લીધા.

તે અવસરે ગીત ગાનને વિષે આસક્ત થયા છે મન જેના, એવા તમામ લોકો સ્પર્શ અને અસ્પર્શ કરવાપણાને ભુલી જઈ અર્થાત્ સ્પર્શ કરવા લાયક તેમજ સ્પર્શ કરવા લાયક નહિ. તેનો વિસંભાગ લોકો ગાનતાનમાં ભુલી જઈ એક મેક ભ્રષ્ટ થઇ ફરવા લાગ્યા.

લોકો ચંડાળ સાથે એક મેક થઇ ફરે છે આવી ભ્રષ્ટતા જોઇ રાજાયે ચિત્ર તથા સંભુતિને નગરમાં આવતા બંધ કર્યા અર્થાત્ તેનો પ્રવેશ બંધ કરાવ્યો.

એકદા કૌમુદી ઉત્સવને જોવા માટે બન્ને જણા નગરમાં ગયા, ત્યાં ગાન તાનનો આરંભ કર્યો, તેથી પ્રથમના પેઠે લોકો એક મેક થઇ, ગાન તાનમાં મગ્ન થઇ ભ્રષ્ટ થવા લાગ્યા; તેને જોઇ નગરના મોટા મોટા જાણકાર લોકોએ માર મારી કદર્થના કરાવી દૂર કાઢયા.

તેથી બન્ને જણાયે વૈરાગ્ય પામી દિક્ષા અંગીકાર કરી અને વિવિધ પ્રકારની તપસ્યાને કરી તેજો લેશ્યાદિક નાના પ્રકારની લબ્ધિવાળા થયા.

એકદા પ્રસ્તાવે બન્ને જણા ગજપુર નગરને વિષે ગયા અને માસક્ષપણને પારણે નગરને વિષે ભિક્ષા લેવા પેઠા; તે અવસરે સંભૂતિ મુનિને નમુચિ પ્રધાને દીઠા. તેથી વિચાર કરવા લાગ્યો કે, મહારા દુષ્ટ આચરણોને કોઇ દિવસ કોઇને મોઢે આ મુનિ કહેશે, માટે તેનો ઉપાય પ્રથમથીજ કરવો સારો. આવો વિચાર કરી યષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુષ્ટિ ઇંટ વિગેરેથી મુનિને કદર્થના કરી, તથા તેના પરિવારે પણ મુનિને હણ્યા. તેથી સંભુતિ મુનિએ કોપ કરી તેના ઉપર તેજો લેશ્યા મુકવાનો વિચાર કર્યો અને તત્પર થયા. તે અવસરે સનત્ કુમાર ચક્રવર્ત્તિને ખબર પડવાથી પોતાના મંત્રિ-રત્નને મોકલી સંભુતિ મુનિને ખમાવ્યા અને પોતે પણ ક્ષમા માગવા તથા વંદન કરવા પરિવાર સહવર્ત્તમાન ગયો.

ત્યાં જઇ સનત્કુમાર સંભૂતિ મુનિને વંદના નમસ્કાર કરી ખમાવવા લાગ્યો. તે અવસામાં સંભુતિ મુનિને વંદના કરતા સ્ત્રી રત્નના કોમળ કેશનો સ્પર્શ થયો અને તેથી તત્કાલ સ્ત્રી રતીની અભિલાષા થઇ, તેથી સ્ત્રીના સંઘટ્ટાનો પશ્ચાત્તાપ છોડી દઇ, અહો! આવું ચંડાળપણું એ પ્રકારની ચિંતવનાને કરતો, ચિત્ર મુનિએ વાર્યા છતાં પણ ચક્રવર્ત્તિનું નિદાન કહેતા નિયાણું બાંધવા સમર્થમાન થયો કે આ મ્હારી તપસ્યાનું ફળ હોય તો ભવાંતરે હું ચક્રવર્ત્તિ થાઉં. આવી રીતે નિયાણું બાંધ્યું.

અહો! અહો! મહા આશ્ચર્યની વાત છે કે એક સ્ત્રીના કૃત્રિમ વિષય જન્ય સુખને માટે મુક્તિને આપનાર તપને પણ સંભુતિ મુનિ હારી ગયો! કહ્યું છે કે:-

**यतः**

**कामुअ १ भूअंग२ जल३ जलण४, जुवइ५ परिउ६ रोग ७ भूमिनाहाणं ८;**
**अदिठ्ठं एआणंवि, सुमिणेविनवीससिअव्वं. ॥ १ ॥**

**ભાવાર્થ**—કામુક એટલે કામી પુરૂષ ૧ ભુજંગ કહેતાં સર્પ ૨ જલ કહેતા પાણિ ૩ જ્વલન કહેતા અગ્નિ ૪ યુવતિ કહેતા સ્ત્રી ૫ રિપુ કહેતા શત્રુ ૬ રોગ કહેતા વ્યાધિ ૭ અને ભુમિનાથ કહેતા રાજા ૮ આ આઠેને ન દેખેલા હોય તો પણ સ્વપ્નને વિષે પણ તેમનો વિશ્વાસ કરવો નહિ. જેણે આઠેને દેખેલા છે, તેણે તો વિશ્વાસ નજ કરવો, પણ નથી દેખેલા તેણે પણ સ્વપ્નને વિષે વિશ્વાસ કરવા લાયક નથી. જે માટે કહ્યું છે કે:—

**यतः**

**गाहाण रसो महिलाण विब्भमा, कविआण वयणाइं,**
**कस्सनहु रंति हिअयं, बालाणयमम्मणालावो. ॥ १ ॥**

**ભાવાર્થ**—ગાથાઓનો રસ, સ્ત્રીયોના વિભ્રમો એટલે વિલાસો, કવિયોના વચનો, બાળકોની મૈન્મન વાણી એટલે અસ્પષ્ટ વાણી આ સર્વે કોના હૃદયને હરણ કરતા નથી. અર્થાત્ સર્વેના હૃદયને હરણ કરે છે.

**વિવેચન**—જેમ મનોહર ગાથા હોય તથા તેના વર્ણ સુંદર હોય, પદની લાલિત્યતા તથા અલંકારથી ભરપુર હોય તેમજ મહા સુંદર સુશોભિત અર્થવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય અને તે ગાથાનો સ્વાદ કહેતા અર્થ ઉત્તમ હોય અર્થાત્ તે ગાથાના અર્થનું રહસ્ય ચિતને ચમત્કાર કરવાવાલું હોય, આવી મનોહર ગાથાનો સુંદર રસ કહેતાં આસ્વાદ કોના હ્રદયને હરણ કરતો નથી. અપિતુ સર્વેના હ્રદયને હરણ કરે છે, તેમજ સ્ત્રીયોના વિભ્રમો એટલે રૂપ અને લાવણ્યથી શરીરનું સૌંદર્યપણું, યૌવનપણું, વિવિધ પ્રકારના વસ્ત્રોને ધારણ કરવાપણું, ઉત્તમ આભુષણોથી દેહને શોભાવવાપણું, પુરૂષોને દેખી હાવભાવાદીકનું કરવું, કટાક્ષાદિકનું ફેંકવું, કુહાડાના સમાન અમૃત વચનોને ઝરાવી લોકોને લલચાવી સ્વાયત્ત કરવાપણું, જે સ્ત્રીયોને વિષે હોય છે આવી સ્ત્રીયો કોના હ્રદયને હરણ કરતી નથી, અર્થાત્ સર્વેના હ્રદયને હરણ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્ત્રીયોના સુંદર શરીર, સુંદર રૂપ, સુંદર લાવણ્ય, સુંદર યૌવન, સુંદર વસ્ત્ર, સુંદર આભુષણ, સુંદર વચનો, સુંદર કટાક્ષો, સુંદર વિલાસ, સુંદર ગતિ, સુંદર લટકો, સુંદર ચટકો વિગેરે ગમે તેવા ત્યાગીઓના હ્રદયને હરણ કરે છે તો બીજાની વાર્ત્તાજ શું કરવી!

તેમજ કવિઓના મધુર તથા મીઠા વચનો કોના હ્રદયને હરણ કરતા નથી. અર્થાત્ કવિયોના વચનો હિતકારી તથા સાંભળનારને આનંદ આપવાવાળા હોય છે, તેમજ મિતાક્ષર કહેતા પરમાણુપેત, તેમજ લોકોના અંતઃકરણને પોતાના તરફ ખેંચનારા હોય છે. તે વચનો ગમે તેવા જડ માણસના મસ્તકને પણ એકવાર તો ચમત્કાર ઉત્પન્ન જરૂરાજરૂર કરાવે છે. જો કે દુર્જનને સજ્જન તથા પંડિતોના વચનો ઉપર લેશ માત્ર પ્રીતિ તેમજ શ્રદ્ધા હોતી નથી; પરંતુ કદાચ સાંભળવામાં અથવા વાંચવામાં આવે તો તેના અંતઃકરણમાં તો છાપ પડીજ જાય છે, બાકી દુર્જનતા હોવાથી પરિણામે અમૃત સમાન વચનોને દુર્જન ઝેર જેવાજ માને છે. આવા નિર્ગુણી કદાગ્રહી હઠવાદીને કદાચ કોઇ દેવ સમજાવવા આવે તો પણ તેને બોધ થવાની ભજના સમજવી.

શિવાય ડાહ્યા, સરલ, સંતોષી, સજ્જન તથા ગુણાનુરાગી પ્રાણિઓના અંતઃકરણને આકર્ષણ કરવા કવિયોના વચનો સંપુર્ણ રીતે સમર્થમાન થાય છે. તેમજ બાળકોના મન્મન શબ્દો પણ ગમે તેવા રાગી, નિરાગી તથા ત્યાગી તેમજ ભોગીના હ્રદયને એકજ વખતે હરણ કરી શકે છે; કારણકે બાલકો દુનિયાને વિષે સર્વને પ્રિય હોય છે. અને તેમને સ્પષ્ટ ઉચ્ચાર કરતા નહિં આવડવાથી કાલા કાલા વચનો બોલે છે. હવે આવા ઘેલા તથા બોબડા તેમજ ભાંગ્યા–તુટ્યા વચનો ઉપર બાલકને રમાડનારા તથા તેમના માતાપિતા સ્વજન વર્ગના મન તેમજ અંતઃકરણ ઘીલા ઘીલા થઈ જાય છે; અર્થાત્ રસકસ તેમજ અર્થ વિનાની બાળકોની કાલીઘેલી ભાષા પણ સાંભળનારના અંતઃકરણમાં રાગદશાની સંપૂર્ણ છાપને બેસાડી દે છે.

બાળકોના બાલ્ય વચનોમાં મુંઝાઈ જઇ સંસારને ત્યાગ કરવાની ઇચ્છાવાળો પણ સંસાર છોડી શકતો નથી. ધર્મની અભિલાષા વાળો પણ ધર્મને કરી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા, દાન, દેવ પૂજા કરવાની ઇચ્છા વાળો પણ તેમાંનું કંઇ પણ કરી શકતો નથી. કિંબહુના: એકજ બાલકોની મોહ તેમજ રાગ દશાને ખાતર નકરવા ના કરે છે, ન બોલશાના બોલે છે, આ સંબંધમાં જેટલુ ન લખીયે ન કહીયે તેટલું ઓછુ જ છે. આવા બાલકો કોના હૃદયને હરણ કરતા નથી, અપિતુ સર્વેના હૃદયને હરણ કરે છે ત્યારબાદ એટલે સંભૂતિયે ચક્રવર્ત્તિનું નિયાણું કરી અણસણ કર્યું, અને ચિત્રમુનિયે પણ અણસણ કર્યું, ત્યાંથી કાળ ધર્મને પામી બન્ને જણા નલિની ગુલ્મ વૈમાનને વિષે દેવ પણે ઉત્પન્ન થયા.

દેવલોકથી ચવીને ચિત્રનો જીવ પુરિમતાલ નગરને વિષે ઇભ્ય (શ્રેષ્ટિનો) પુત્ર થયો. અને સંભૂતિનો જીવ દેવલોકથી ચવી, કાંપિલ્યપુરે બ્રહ્મ નામના રાજાની ચુલની નામની સ્ત્રીની ( રાણીની ) કુક્ષિને વિષે ચૌદ સ્વપ્ન સુચિત અનુક્રમવડે કરી ઉત્પન્ન થયો, તેથી તેના માતા પિતાયે તેનુ નામ બ્રહ્મદત્ત પાડ્યું અને અનુક્રમે શરીર વય તથા કલાના સમુહવડે કરી વૃદ્ધિ પામવા લાગ્યો.

બ્રહ્મરાજાને ઉત્તમ વંશને વિષે ઉત્પન્ન થયેલા ચ્યાર રાજા મિત્ર હતા.

૧ કાશી દેશનો રાજાકટક, ૨ ગજ પુરનો સ્વામિ કરેણુદત્ત, ૩ કોશલ દેશનો અધિપતિ દીર્ઘપૃષ્ટ, ૪ ચંપા નગરીનો અધિપતિ પુષ્પચૂલ. આ ચ્યારે રાજા વિવિધ પ્રકારની ક્રિડા કરતા નિરંત્તર બ્રહ્મ રાજાના સાથેજ રહેતા હતા.

તેવામાં બ્રહ્મ રાજા અકસ્માત્ મરણ પામ્યો, એટલે તેના મરણ કાર્યને કરી, ચ્યારે મિત્ર રાજા એકત્ર થઇ વિચાર કરવા લાગ્યા કે, આ બાલક જ્યાં સુધી રાજ્ય કાર્યભાર ધારણ કરવા વાળો ન થાય ત્યાં સુધી આપણેજ આ રાજ્યની ચિંતા કરવી. એવો વિચાર કરી દીર્ઘપૃષ્ટ રાજાને રાજ્યની ચિંતા સોંપી એટલે રાજ્ય રક્ષણને માટે દીર્ઘપૃષ્ટને રાખી કટકાદિ ત્રણે રાજા સ્વ સ્વ સ્થાને ગયા.

હવે કાલાંતરે દીર્ઘપૃષ્ટ રાજાનો પ્રચાર સર્વ જગ્યાયે પ્રસરવા પામ્યો, એટલે દરેક સ્થળે દીર્ઘપૃષ્ટ ગમન કરવા લાગ્યો અને અંતઃપુરને વિષે પણ ગમન કરવાથી ચુલનીના સાથે સંબંધ થયો. તે સર્વ સ્વરૂપ અંતઃપુરના રક્ષણ કરનારાયે રાજ્યની ચિંતા કરનાર મહામંત્રિ ધનુને કહ્યું.

આ સાભળી મહામંત્રિ ધનુ વિચાર કરવા લાગ્યો કે આવા સંબંધથી કદાચ વિપ્રયોગ થશે માટે બ્રહ્મદત્તનું મહારે રક્ષણ કરવું જોઇએ. એવો વિચાર કરી પોતાના પુત્ર વરધનુને બ્રહ્મદત્ત કુમારના રક્ષણ કરવા માટે જોડયો.

તે બન્ને જણાયે પણ તથા પ્રકારનું સ્વરૂપ જાણી બ્રહ્મદત્ત કુમાર અંતઃપુરને વિષે જઇ કાગડા તથા કોયલના મિથુન કહેતા જોડલાને લઇ જઇ વધ કરી કહેવા લાગ્યો કે જે આવું દુષ્ટ કાર્ય કરશે તેનો વધ અમો આવી રીતે કરશું.

તે દીર્ઘપૃષ્ટ તથા ચુલનીના જાણવામાં આવ્યું, તેથી શંકા પામી ક્રોધી થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીર્ઘપૃષ્ટ ચુલનીને કહેવા લાગ્યો કે, જો તહારે મ્હારો ખપ હોય તો તું તહારા પુત્રનો નાશકર. તે સાંભળી મહા મોહના ઉદયથી પાપિણી ચુલનીયે પુત્રને મારવાનું અંગીકાર કર્યું કારણ કે દુષ્ટ સ્ત્રિયો શું શું નથી કરતી. કહ્યું છે કે:—

## यत्.

नव बीजंनारकस्य, द्वारमार्गस्य दीपिका,
शुचांस्थानं कलेर्मूलं, दुःखानां खानिरंगना, ॥ ३ ॥

**ભાવાર્થ**—સ્ત્રિ ભવના બીજ સમાન છે, અર્થાત્ જેમ બીજને વપન કહેતા રોપણ કરવાથી વાવવાથી જેમ ઉગે છે ને અનુક્રમે વૃદ્ધિ પામે છે તેમ જે પ્રાણિ સ્ત્રીયોના પાસને વિષે પડેલા છે તેમના ભવ વૃદ્ધિ પામે છે એટલે સ્ત્રી સંગતિ ભાવ-વૃદ્ધિના હેતુભૂત છે. વળી સ્ત્રી નર્કના દ્વારની દીપિકા દીવડી સમાન છે જેમ કોઇ માણસ દીવડીને લઇ માર્ગમાં ગમન કરતો હોય અને ઠેકાણાસર પહોંચે છે. તેમ આ સ્ત્રી રૂપી દીવડીને અંગીકાર કરી કામી માણસ નર્કના દ્વાર પ્રત્યે પ્રવેશ કરે છે. અથાત્ સ્ત્રી નર્કમાં લઇ જનારી છે. વળી સ્ત્રી કેવલ શોકનુંજ સ્થાન છે કારણ કે તેના કુટિલ પણાથી તેમજ ચંચલ પણાથી તેના સંગ કરનારા કામીઓ કેવલ શોકનેજ પામે છે વળી સ્ત્રી કંકાશ કલેશનું મૂળજ છે, રાત્ર દિવસે લડાઇ ટંટા કજીયા દંગા કરવામાંજ શુરીપુરી હોય છે. કિંબહુના. શાસ્ત્રકારે સર્વથા સ્ત્રીને દુઃખની ખાણ સમાન કહેલી છે. આવી સ્ત્રીયોના પાસમાં મૂઢલોકો પડીને મહાદુઃખની પરંપરાને પામે છે તેમજ કુટિલ સ્ત્રીયો શું નથી કરતી અર્થાત સર્વ કરે છે.

**વિવેચન**—સ્ત્રીયો મહા કપટની પુતલીયો તથા અશુચિથી ભરપુર હોય છે તે રાગાંધ પણાને તેમજ વિષયાંધ પણાને પામી તેમજ ક્રોધીલી થઇ ન કરવાના કર્તવ્ય કરે છે, ન બોલવાના બોલે છે; દેવગુરૂ ધર્મને નિંદે છે, જગતને ભંડે છે, સ્વજન વર્ગ ઊપર ઝેર ધારણ કરે છે. બીજાની સુકૃત કરણી દેખી ઇર્ષાથી બળી મરે છે. કેવળ અસત્ય ભાષણ કરી લોકોના અંતઃકરણમાં મહાશલ્યને ઉત્પન્ન કરે છે, તેમજ દયાહીન નિર્દય થઇ પર પુરૂષો તેમજ પોતાના સ્વામી તથા પુત્રોના પ્રાણને હરણ કરે છે. આવી નિર્લજ કુટિલ મર્યાદા વિનાની સ્ત્રીયોને વિષે જે આસકત થાય છે તે ભવોભવ વગોવાય છે ને મહાદુઃખની પરંપરાને પામે છે.

ત્યારબાદ ચુલનીયે પોતાના પુત્રને મામાની કન્યાનું પાણીગ્રહણ કરાવી જતુનું ( લાખનું ) ઘર કરાવી અને તેને વિષે શયન કરાવી બાળી નાખવાનો વિચાર કર્યો.

તે પણ ચુલનીનું કપટ સ્વરૂપ વરધનુના જાણવામાં આવવાથી બ્રહ્મદતકુમારના રક્ષણ કરવા માટે ઉપાય રચ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા મહામંત્રિધનુ દીર્ઘપૃષ્ટ રાજાને કહેવા લાગ્યો કે હે મહારાજ, હું તો હવે વૃદ્ધ થયો છું, આ અવસ્થા મ્હારી છેલ્લી જે છે તે રાજ્યની ચિંતા કરવા લાયક નથી પણ ધર્મ કરવા લાયક છે, માટે હું તો ગંગા નદીના કાંઠા ઉપર જઇ તપસ્યા કરીને મ્હારી અંત અવસ્થા સુધારીશ, તથા મ્હારો પુત્ર વરધનુ હવે પછી રાજ્યની ચિંતા કરશે. આવી રીતે કહી ધનુમંત્રિ ગંગા કાંઠે ગયો, ત્યાં મઠ કરાવી તેને વિષે રહ્યો અને જે કોઈ અભ્યાગત આવે તેને સારી રીતે ભક્ષભોજન કરાવી સંતુષ્ટ કરી ગુપ્ત રીતે લાખના ઘર સુધી સુરંગ ખોદાવી તૈયાર કરી.

પાણિ ગ્રહણ કર્યા બાદ બ્રહ્મદત્તકુમારને કન્યા સહિત શયન કરવા લાખના ઘરને વિષે ચુલનીયે મોકલ્યો, પછી મહેલને ચુલનીયે અગ્નિ લગાડવાથી બળીને ભસ્મ થઇ ગયો. બ્રહ્મદત્તકુમાર વરધનુએ બતાવેલ સુરંગ માર્ગથકી નીકળી વરધનુ સહિત પરદેશમાં ગયો અને ગુપ્ત રીતે ફરવા લાગ્યો.

બ્રહ્મદત્ત કુમાર જીવતો નીકળી ગયો તે સમાચાર દીર્ઘપૃષ્ટ તથા ચુલનીના જાણુવામાં આવવાથી પછાડી મારા મોકલ્યાં.

બ્રહ્મદત્ત કુમાર પણ દીર્ઘપૃષ્ટના ભયથી વરધનુ મિત્ર સહિત પૃથ્વીને વીષે ગુપ્ત વેષે ફરવા લાગ્યો. ને તેમ કરતાં કરતાં ઘણીજ રાજ કન્યાઓનું પાણિગ્રહણ બ્રહ્મદત્ત કુમારે કર્યું.

અનુક્રમે કટકાદિક ત્રણે રાજા બ્રહ્મદત્ત કુમારને મળ્યા, તેમજ સીમાડાના પણ કેટલાક રાજા મળ્યા અને આયુધશાળાને વિષે ચક્ર રત્નના ઉત્પન્ન થવાથી દીર્ઘપૃષ્ટને મારી છ ખંડ સાધી ચક્રવર્ત્તિની પદવી પામી સુખ શાંતિથી બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિ રાજ્ય કરવા લાગ્યો.

એકદા કોઇ અપૂર્વ નાટક કરનારા બ્રહ્મદત્ત પાસે આવી કહેવા લાગ્યા કે હે મહારાજ, જો તમે અમારૂં નાટક જુઓ તો અત્રે નાટક કરીયે. રાજાયે હા પાડવાથી તે લોકોયે અપૂર્વ નાટક શરૂ કર્યું.

રાજા ઘણીજ પ્રીતિથી નાટક જોવા લાગ્યો, તેવામાં કોઇ દાસીયે આવી વિવિધ પ્રકારના મહા સુંદર ગુંથેલા પુષ્પની માળા ચક્રવર્ત્તિના હસ્તકમળમાં આપી, તે માળાને જોતો તેમજ નાટકને દેખતો, વિવિધ પ્રરકારના ગાન તાનને શ્રવણ કરતો રાજા કોઇ મહા વિસ્મયને પામ્યો કે, આવા પ્રકારની અપૂર્વ નાટકની વિધિ પૂર્વે મેં કયાંઇક જોઇ છે. એવી રીતે ઇહાં પોહને કરતાં રાજાને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પોતાના પૂર્વ ભવોને દેખ્યા તેથી જન્માંતરનો પોતાનો ભાઇ જે ચિત્ર હતો તેનું સ્વરૂપ જાણવા માટે દ્વિપાદ એટલે અર્ધ શ્લોક રચ્યો.

**यतः**

**आस्व दासौ मृगौ हंसौ, मातंगा वमरौ तथा,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—દાસો, મૃગલા, હંસલા, ચંડાળ તથા દેવતા હતા, કહેવાનું તાત્પર્ય એ છે કે બન્ને જણા દાસીના પુત્ર તથા હરણીયા, હંસલા તેમજ ચંડાળ તથા દેવતાને વિષે પણ યુગલ કહેતા જોડલા પણે સાથેજ હતા કોણ હતા. તો કે અમે બન્ને જણા.

આવી રીતે અર્દ્ધ શ્લોકને રચી બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિ બોલ્યો કે, પાછળના જે બે પાદ કહેતા અર્ધ શ્લોકને પૂર્ણ કરી લાવશે તેને હું અર્ધ રાજ્ય આપીશ તેથી રાજ્યના લોભથી સમગ્ર સભા તેમજ નગરના લોકો તેને કંઠસ્થ કરી, જ્યાં ત્યાં વિચરતા બોલવા લાગ્યા. અને આ અર્ધ શ્લોક પણ સર્વત્ર પ્રસારપણાને પામ્યો.

હવે જે પુરિમતાલ નગરને વિષે શ્રેષ્ટિના પુત્ર પણે ઉત્પન્ન થયેલો ચિત્રનો જીવ જે હતો, તે ચક્રવર્ત્તિના પૂર્વ ભવનો બાંધવ હતો. તેને પણ જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું તેથી વૈરાગ્ય પામી દિક્ષાને અંગીકાર કરી કાંપિલ્યપુરે મનોરમં નામના ઉદ્યાનમાં આવી રહ્યા. ત્યાં અરઘટ્ટ વાહક કહેતા પાણિ સિંચન કરનારના મુખથી અર્ધ શ્લોક સાંભળી પછાડીનો અર્ધ શ્લોક મુનિ બોલ્યા.

**यतः**

**अेषानौ षष्टिका जाति, रन्योन्याभ्यांवियुक्तयोः,**

**ભાવાર્થ**—અન્યોન્ય વિયોગી એવા અમારી આ છ જાતિ થઇ; અર્થાત્ આ ભવને વિષે વિયોગી એવા અમારી બન્નેની છ જાતિ થઈ, કહેતા છ ભવ થયા.

ત્યારબાદ અરઘટ્ટના વાહક આરઘટ્ટિકના મુખથી આવો અર્દ્ધ શ્લોક સાંભળી રાજા પૂર્વ ભવના મોહ તેમજ સ્નેહથી તુરત ઉદ્યાનને વિષે ગયો, ત્યાં આરઘટ્ટિક લોકોને દેખી રાજા મૂર્છા પામ્યો. તે શીતલ પાણી ઇત્યાદિકના છંટકાવ વડે કરી ચેતનપણાને પામ્યો.

ત્યારે આરઘટ્ટિક બોલ્યો, આ પાદપૂર્ત્તિ મેં કરી નથી પણ બીજા કોઇના મુખથી સાંભળી છે. તે સમયે રાજાના લોકો તેને કદર્થના કરવા લાગ્યા અને તેથી તે બોલ્યો કે, આ અરઘટ્ટના સમીપ ભાગને વિષે રહેલા મુનિયે આ અર્ધ્ધ શ્લોક કહી પાદપૂર્ત્તિ કરી છે.

ત્યારબાદ રાજા પૂર્વ ભવના તીવ્રરાગ તથા મોહના વશવર્ત્તિપણાથી પોતાના પરિવાર સહવર્ત્તમાન મુનિ પાસે આવ્યો. મુનિને દેખી આનંદ પામ્યો. ભકિતથી વંદના નમસ્કાર કરી અત્યંત ઉલ્લાસવાળો થઇ મુનિ પાસે બેઠયો.

મુનિ મહારાજે પણ સમગ્ર પાપને નાશ કરનારો ધર્મલાભ આપી ધર્મદેશના દેવા લાગ્યા.

**यतः—**

**हस्तीं झामद झिन्न गह्न करटास्तिष्टं ति निद्रालसा,**
**द्वारे हेम विभूषिताश्चतुरगा हेषंति यद् दर्पिताः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वीणा वेणु मृदंग शंख पणवैः सुप्तश्च यो बोध्यते,
तत् सर्वं सुरलोक जूति सदृशं पुण्यस्य विस्फूर्जितं ॥ १ ॥

ભાવાર્થ—મદવડે કરી જેના કરટા કહેતા ગંડસ્થળો વ્યાપ્ત થયા છે, એવા હસ્તિયોના ઇંદ્રો કહેતા મહાન્ હસ્તિયો જેના દ્વારને વિષે નિદ્રા થકી ઉત્પન્ન થયેલા આળસુ બેશી રહેલા છે, તથા સુવર્ણવડે કરી વિભૂષિત કહેતા સુશોભિત એવા મદોન્મત ઘોડાઓ પણ જેના દ્વારને વિષે હુષારવને કરી રહેલા છે, તથા વીણા, વેણું, મૃદંગ, શંખ, પટહ વિગેરેના મધુર શબ્દોવડે કરી જે સુતેલો જાગૃત થાય છે, અર્થાત્ શ્રીમાન્ લોકોના ઘરને વિષે નાના પ્રકારના વાજિંત્રો હોય છે. તે પ્રાતઃકાળમાં વાગે છે, એટલે વાજિંત્રને વગાડનારા લોકો વાજીંત્રને પ્રભાતકાળને વિષે વગાડે છે, તે વાજીંત્રના શબ્દોને સાંભળી ભાગ્યશાળી નિદ્રા ત્યાગ કરવા સમર્થમાન થાય છે. તે સર્વ દેવલોકની વિભૂતિ કહેતા સમૃદ્ધિના સદ્રશ કહેતા સમાનપણું પુણ્યથીજ ઉત્પન્ન થયેલું છે, કારણકે મહા પુણ્યશાળી હોય તેનેજ ઉપલા પદાર્થો પ્રાપ્ત થાય છે. શિવાય હીન પુણ્યા તથા કમનશીબવાળાને કાંઇ પણ પ્રાપ્ત થઇ શકતું નથી. વળી પણ કહ્યું છે કે—

यतः—

जोजनं सुक्ष्म वस्त्राणि, तांबूलं सौध संस्थितिः ।
पल्यंकं मर्दनं स्नानं, कर्पूरं कुसुमानि च ॥ १ ॥
जोज्यंजोजनशक्तिश्च, रतिशक्तिर्वरस्त्रियः
विजवोदानशक्तिश्च, नाल्पस्य तपसःफलम् ॥२॥ युग्मम्

ભાવાર્થઃ—ઉત્તમ ભોજન, સુક્ષ્મ વસ્ત્રો, તાંબૂલ તથા મહેલને વિષે સ્થિતિ કહેતા વાસ કરવાપણું, પલંગ, તૈલાદિકવડે કરી મર્દન તથા સ્નાન, કર્પૂર તથા ફુલો તેમજ ભોજન તથા ભોજનશકિત, શ્રેષ્ટ સ્ત્રિયો, શ્રેષ્ટ વૈભવ અને દાનશકિત આ સર્વ અલ્પ તપસ્યાનું ફળ નથી કિંતુ મહા તપસ્યાનું ફળ છે. એટલે ઉપરના તમામ પદાર્થ મહા પુણ્યના ઉદયવડે કરી તથા ભવાંતરમાં મહા તપસ્યા કરવાથી પ્રાણીયોને પ્રાપ્ત થાય છે. અલ્પ પુણ્યકરણીથી મળી શકતા નથી.

વિવેચન—માનવભવ, ઉત્તમ જાતિ તથા ઉત્તમકુળ પામવું તે મહાધર્મ તથા પુણ્યનું ફળ છે. સંપૂર્ણ આયુષ્ય, નિરોગીપણું તથા પંચેંદ્રિય પટુપણું પામવું, તે પણ મહાધર્મ તથા મહાપુણ્યનોજ પ્રતાપ છે, તેમજ શરીર સૌંદર્ય, લાવણ્ય તેમજ મનહરરૂપ પ્રાપ્ત થાય છે તે પણ ધર્મ તથા મહાપુણ્યનોજ પ્રભાવ છે. આધિ, વ્યાધિ તથા ઉપાધી તેમજ શારીરીક–માનસિક–વાચિક સંકલ્પ વિકલ્પથકી મુકતપણું પ્રાપ્ત થાય છે, તે પણ મહાધર્મ તેમજ મહાપુણ્યનો પ્રભાવ છે. હસ્તિ, ઘોડા, રથ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાયદલ તેમજ માતાપિતા, સ્વજનકુટુંબ, સ્રીપુત્રાદિક પરિવાર અને મનોહર સ્રિયો પ્રાપ્ત થાય છે તે પણ મહાધર્મ તેમજ પુણ્યનો પ્રભાવ છે. રિદ્ધિ, વૃદ્ધિ ને સમૃદ્ધિ પામવી તે પણ મહાપુણ્ય તથા ધર્મનોજ પ્રભાવ છે. ખાનપાનના પદાર્થ વિગેરે ભોજનશકિત, ભોગશકિત, દાનશકિત પામવી તે પણ મહાધર્મ તેમજ પુણ્યનોજ પ્રભાવ છે. યશકીર્ત્તિ મેળવવી તે તથા નાના પ્રકારના રાજ્ય તેમજ વાસુદેવ, બળદેવ ઇંદ્રાદિકની પદવી પામવી, તે પણ મહાધર્મ તેમજ પુણ્યનો પ્રભાવ છે. ચક્રવર્ત્તિ તેમજ તિર્થંકરની પદવી પામવી તે પણ કેવળ ધર્મ તથા મહાપુણ્યનો જ પ્રભાવ છે.

આવી રીતે મુનિ મહારાજે બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિને ધર્મનું સ્વરૂપ બતાવ્યું. તેમજ સંસારની અસારતાનું વર્ણન કર્યું, કર્મબંધનના હેતુ તથા પ્રકૃતિયોના સ્વરૂપનું વર્ણન કર્યું, મુકતમાર્ગના સ્વરૂપને દેખાડી, મુકિતમાર્ગને પ્રકાશિત કર્યો, તેના સ્વરૂપનો જે ઉત્તમ સ્વાદ કહેતા મુકિતનું પરમ સુખ તેનું પણ વિસ્તારથી વર્ણન કર્યું. તે સાંભળી સમગ્ર સભા બોધ પામી પરંતુ પૂર્વભવના નિદાન કહેતા નિયાણાથી બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિને લેશમાત્ર બોધ થયો નહિ.

વિષયને વિષે આસકત એવા અને જેના નેત્ર હણાઈ ગયા છે એવો અર્થાત્ ચક્રવર્ત્તિના ભોજને યાચના કરનાર બ્રાહ્મણે જેના નેત્રો ફોડી નાખેલા હતા. એવો બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિ રૌદ્ર ધ્યાનની લેશ્યામાં મરણ પામી સપ્તમી કહેતા સાતમી નર્કે ગયો.

અને તેના પૂર્વ ભવનો બાંધવ જે ચિત્રનો જીવ બ્રહ્મદત્તને સાધુપણે બોધ કરનારા હતા તે કેવળજ્ઞાન પામી નિવાર્ણ કહેતા મુકિતના સુખના ભોકતા થયા.

**इति ब्राह्मदत्त चक्रवर्त्ती संबंधः संपुर्णः**

# અઢાર પાપસ્થાનક.

## "લોભ."

### (પાપસ્થાનક-નવમું.)

શાર્દુલવીક્રીડિત છંદ.

છાંડો પાપનું સ્થાન લોભ નવમું, દુર્ધ્યાન વાધે અતી,
જેથી સર્વ વિનાશ કીર્તિ ઘટતા, વાંકી જણાયે મતી;
જ્ઞાની સજ્જન ત્યાગતા ગુણિજનો, આંખી જણાતી રતી,
લોભે સંપ વિનાશ સૂખિ ન પ્રજા, લોભે દુઃખી ભૂપતી. ॥ ૧ ॥
ચિન્તામાંહિ સદાય લોભિ ફરતા, જાતા મરી દુર્ગતી,
લોભી ધર્મ વિમૂખરે જગતમાં, અન્યાય કર્તા અતી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભે જાય પતીત ખોલિ ફરતા, ગર્જે વહે પાધરા,
લોભી સ્વાર્થ સરા પછી છટકતા, સામૂ ન જોતા જરા. ॥ ૨ ॥
ચાહે રંક હજાર પામિ લખને, લોભે વધે કોટિને,
કોટયાધીશ ચહે ભુપાલ પદવી. ચક્રી મહા મોટિને;
ચક્રી ચાહ ધરે થવું સુર ચહે, ઇંદ્રાતણી રિદ્ધિને,
તૃષ્ણા માપ ન થાય લોભિ મનનું, પામે નહીં સિદ્ધિને. ॥ ૩ ॥
જ્ઞાને માપ સમુદ્રનું મતિ થકી, કોઇ બતાવી શકે,
તેવા બુદ્ધિ નિધાન લોભ જલધી, માપે ન શક્તિ થકે;
બાળે પેટ ન ખાય ખર્ચિ ન શકે, દાને ન આશા કરી,
ઝાલે કાળ કરાળ છેવટ જતા, રે હાથ જાતા ઘસી. ॥ ૪ ॥
મૂકી પુષ્કળ લક્ષ્મિ પ્રાણિ જગમાં એકાકિ કર્મે જતા,
લોભી મમ્મણ શેઠ જેમ તજીને નર્કે દુઃખો વેઠતા;
વાધે લોભ લઘૂપણે મૂળ થકી તૃપ્તી નહીં પામતા,
લોભી મોહ વશે ડૂબે અધવચે સુયાનને વામતા. ॥ ૫ ॥
કીડીને કણ જો મળે ગજ પ્રતે હારો મળે કયાં થકી,
આવે આવ ઉલેસતાજ વિરડે વારી તણી જો નકી;
છાંડો દોષ અથોભ લોભ સરવે સંતોષને ધારતા,
સંતોષે સુખ સર્વ "દુર્લભ" કહે સંસાર નિસ્તારતા. ॥ ૬ ॥

લેખક
દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા-વળા.

## બાબુસાહેબ ચુનીલાલ પનાલાલ તરફથી રૂ. ૪૧ હજારની બાદશાહી સખાવત.

### પ્રવર્તકજી શ્રીમદ્ કાન્તિવિજયજીના પ્રયાસથી-પાટણમાં જૈન જ્ઞાનમંદીરની યોજના.

અત્રે બીરાજતા પ્રવર્તકજી શ્રીમદ્ કાન્તિવિજયજી ઘણા વખતથી પ્રાચીન પુસ્તકોને સંભાળ પુર્વક રાખવા માટે એક જ્ઞાનમંદીર બનાવવા પ્રયાસ કરી રહ્યા હતા, કારણ કે અત્રે ઘણા જુના પ્રાચીન ભંડારો છે અને જેની અંદર નવસો-નવસો વરસની તાડપત્ર ઉપર લખાએલી પ્રતો છે, તેવા અમૂલ્ય કિંમતી પુસ્તકોને રાખવા માટે મકાન વિગેરેનો જોઇએ તેવો બંદોબસ્ત નહિ હોવાથી દીન પ્રતીદીન તેની દુર્દશા થયા કરતી હતી, અને દર વરસે કેટલાક પુસ્તકો ખરાબ જતા હતા એમ થતા દર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષે અમુલ્ય પુસ્તકોની સંખ્યા ઘટે જતી હતી, તે જોઇ તેમને ઘણોજ ખેદ થયો, અને તેથી અવારનવાર પાટણમાં ચારથી પાંચ ચોમાસા કરી પુસ્તકો સુધારી તેના ઉપર અનુક્રમ નંબર કરી દાબડાઓ કરાવી તેની અંદર રાખવા માટે બંદોબસ્ત કર્યો; વિશેષમાં દરેક ભંડારના પુસ્તકોના લીસ્ટ કર્યા કે, જેથી એકના બદલે બે અથવા એક પ્રત લેનારને આખો ભંડાર સોધવો પડે તે માથાકુટમાંથી દૂર કર્યા; પણ પુસ્તકો રાખવાના મકાન એવી તો કફોડી સ્થીતીમાં હતા, એટલે કે ગીચ વસ્તીમાં અને તેની સાથે હવા અજવાસ વિનાના, વળી જેની અંદર હંમેશાં ભીનાશ રહેતી હોવાથી દીવસે દીવસે સદર વ્યવસ્થા થયા પછી પણ તેનો નાશ થવા માંડયો, અને તેઓ સાહેબ સંવત ૧૯૬૯ના ચૈત્ર મહિનામાં પાટણ પધાર્યા અને ભંડારોની સ્થીતી જોઇ તેમણે કહ્યું કે જો આ પુસ્તકોને માટે કોઇ એક સારૂં સ્થાન બનાવવામાં નહિ આવે, તો આ અમૂલ્ય કિંમતી પુસ્તકો થોડાજ વખતમાં હતા ન હતા થઇ જશે. તે ઉપરથી અત્રેના સાહસિક વહેપારી શેઠ હાલાભાઇ મગનચંદ તરફથી તે યોજના ઉપાડી લેવા માટે કહેવામાં આવ્યું, અને તેના માટે રૂ. ૧૧) હજાર આપવા ઉદારતા બતાવી. સદર જ્ઞાનમંદીર બાંધવા લગભગ રૂ. ૪૦) હજાર ઉપરાંતની જરૂર હતી, એટલે બાકીના રૂપીઆ સંઘે નીમેલ કમીટીએ ભેળા કરવા એમ ઠરાવવામાં આવ્યું હતું, અને તેના માટે એક વરસની મુદત આપવામાં આવી હતી. પણ તેટલા ટાઇમમાં નીમાએલ કમીટી પોતાના કાર્યમાં ફળીભુત થઇ શકી નહિ, અને આગળ પણ કમીટી તેના માટે કાંઇ કરી શકશે તેમ ભવિષ્ય નહિ દેખાવાથી પૂજ્ય મુનિમહારાજે અત્રેના પ્રખ્યાત ઝવેરી બાબુ સાહેબ ચુનીલાલ પનાલાલના ધર્મપત્નિ તથા તેમના સુપુત્ર બાબુ સાહેબ રતનલાલને બોલાવી તે સંબંધી હકીકત સમજાવીને ઉપદેશ કર્યો. ઉપદેશની અસરથી સદર શેઠાણી ભીખીબાઇ મહારાજજી પાસે ચાર પાંચ વખત આવીને તે સબંધી પોતાના વિચારો જણાવેલા અને કહેલ કે માહરી અત્રેના ભંડારો જોવાની ઇચ્છા છે, તે ઉપરથી તેમની સાથે મુનિ ચતુરવિજયજીને મોકલી ભંડારો બતાવ્યા. ભંડારોની બારીકાઇથી સ્થિતિ જોઇ સદર ધર્માત્મા શેઠાણી તથા તેમના સુપુત્રના મુખમાંથી પ્રાચીન પુસ્તકોની થયેલી દુર્દસાને માટે ગમગીની બતાવવામાં આવી અને તેમના મન ઉપર તેનું ભવિષ્ય સુધારવાની લાગણી થઇ આવી. સદર શેઠાણીને ચાલતાં ઘણી તકલીફ થાય છે છતાં પણ પોતે જાતે દરેક જગ્યોએ ફરી દરેક ભંડારો બારીકાઇથી જોયા. પછી પોતે વિચાર કરી શહેરના સારા ગૃહસ્થોને પોતાની પાસે બોલાવી તે સંબંધિ કેટલીક સલાહ પૂછી અને કહ્યું કે હું કેટલા રૂપીઆ આપું તો એક સારું જ્ઞાનમંદીર બાંધિ શકાય. છેવટે ગૃહસ્થો તરફથી એમ જણાવવામાં આવ્યું કે રૂા. ૪૦) થી રૂા. ૫૦) હજાર જો મકાન ઉપર ખર્ચવામાં આવે તો એક સારૂં મકાન થઇ શકશે અને આપનું યાવત્ચંદ્ર દીવાકરૌ નામ તપસે વિગેરે કહેવામાં આવ્યું. ઉકત કામમાં સરૂપચંદભાઇ જે સદર શેઠાણીના ભાઇ થાય છે તેમની પણ પુરતી મદદ હતી છેવટે તેમણે વિચાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂા. ૪૧ હજાર આપી મકાન બંધાવવા પોતાની ઇચ્છા જણાવી અને સંઘ ભેગો કરવા કહ્યું તે ઉપરથી તા. ૨-૭-૧૪ ના રોજ નગરશેઠ તરફથી સાગરના ઉપાશ્રયે સંઘ ભેગો કરવામાં આવ્યો જેની અંદર સર્વાનુમતે પ્રમુખ સ્થાન પૂજ્ય મુનિમહારાજ પ્રવર્તકજી શ્રીમદ્ કાંન્તિવિજયજીને આપવામાં આવ્યું તેનો સાર નીચે મુજબ છે.

૧ નગરશેઠ તરફથી એવી દરખાસ્ત રજુ થઇ કે આપણે સંવત્ ૧૯૬૯ ના વઇશાખ મહિનામાં જ્ઞાનમંદીર રૂા. ૪૦ ) હજાર ઉપરાંતના ખર્ચે બાંધવા એક યોજના કરી હતી અને તેમાં ઉદાર વૃત્તિથી શેઠ હાલાભાઇ મગનલાલ તરફથી રૂા. ૧૧ ) હજાર આપવાની ઉદારતા બતાવવામાં આવી હતી. અને બાકીની રકમ ભેળી કરવા કમીટી નીમવામાં આવી હતી પણ અત્યાર સુધી કમીટી કાંઈ તેના માટે કરી શકી નહીં. હાલ ભાઇ તરફનો ઉત્સાહ હજુ તેવોને તેવોજ છે પણ તે ભવિષ્ય આપણા માટે નહિ દેખાતું હોવાથી હવે આપણે તેમને તેમાંથી મુકત કરવા જોઇએ જો કે તેઓતો બીલકુલ છુટા થવા ખુશીજ નથી, પણ આપણે તેમને આગ્રહ પૂર્વક કહીએ છીએ કે તમોએ આવી ઉદારતા બતાવવાથી અમો આજ એકજ ગૃહસ્થ પાસેથી મકાન બંધાવવા ભાગ્યશાળી થયા છીએ અને તેને માટે તમને ધન્યવાદ ઘટે છે. કારણ આ હીલચાલને પ્રથમ પગથીએ મુકનાર તમે છો. હવે મારે કહેવાનું એટલુંજ છે કે આપણી આગલી યોજના રદ કરી તેમાંથી શેઠ હાલાભાઈને છુટા કરવા. ઉપરનો ઠરાવ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો હતો. જેમાં શેઠ ભોગીલાલ હાલાભાઇ પણ સંમત થયા હતા.

૨ બાબુ સાહેબ ચુનીલાલ પનાલાલના ધર્મપત્નિ તથા તેમના સુપુત્ર બાબુ સાહેબ રતનલાલ તરફથી રૂા. ૪૧ ) હજારના ખર્ચે જ્ઞાનમંદીર પોતાના નામથી બંધાવી આપવાની જે ઉદારતા બતાવવામાં આવી છે તે ઘણા ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૩ બાબુ સાહેબ તરફથી ંચ સરતો સંઘ સમક્ષ મુકવામાં આવી હતી. તે સંઘે સર્વાનુમતે પાસ કરી છે.

૪ ઉપરના ઠરાવો એક મતે ઘણા હર્ષ સાથે પાસ કરવામાં આવ્યા હતા અને પાર્શ્વનાથ સ્વામીની જય બોલાવી સંઘ વીખેરાયો હતો.

સદર શેઠાણી તથા તેમના સુપુત્ર તા. ૩-૭-૧૪ ના રોજ સવારની ગાડીમાં મુંબઇ જવાના હોવાથી સ્ટેશન ઉપર સંઘના લગભગ ૧૦૦ થી સવાસો ગૃહસ્થો સંઘમાં નક્કી થયા મુજબ ભેળા થયા હતા અને ત્યાં તેમને સંઘ તરફથી નગરશેઠના હાથે કુમકુમનો ચાંલ્લો કરી ફુલનો હાર વિગેરે પહેરાવવામાં આવ્યા હતા. વિશેષમાં સદર ગૃહસ્થે ચાણસમામાં રૂા. ૧૦ ) હજાર અને રણુજમાં રૂા. ૪ ) હજારના ખર્ચે ઉપાસરો તથા ધર્મશાળા બંધાવી આપવા ઉદારતા બતાવવામાં આવી છે, તે સીવાય દરેક ધાર્મીક કામમાં પોતાનો ઉદાર હાથ લંબાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાણી પુકારની ફતેહ—જીવદયાને માટે પ્રયાસ.

આત્માનંદ પ્રકાશના અધિપતિ જોગ, સાહેબ/શહેર અમૃતસરથી પંડીત હીરાલાલ જૈન મુની મહારાજ શ્રી હંસવિજયજીને લખી જણાવે છે જે આપે આપેલી પ્રાણી પોકારની ચોપડીઓ આંહીની નીશાળોમાં ફરજીયાત દાખલ થઇ છે. વાસ્તે ૧૦૦૦ પુસ્તકો મોકલી આપશો તો મોટો લાભ થશે. આ પંજાબમાં હીંદુ મુસલમાનના છોકરાઓને સારી અસર થવાથી માંસ આહાર સાથે હીંસા પણ ઓછી થશે. ઇત્યાદી મતલબનો પત્ર હીંદી ભાષામાં લખેલો મહારાજજી સાહેબને મળ્યો છે. અને તે ઉપરથી ૧૦૦૦ પુસ્તકો મોકલવામાં આવેલ છે.

ડુંગરપુર જીલ્લાના પહાડી મુલકમાં આવેલા બનકોડાવાળા મી. ચંપાલાલજી શ્રીમદ્ હંસવિજયજીને લખી જણાવે છે કે પ્રાણી પુકાર પુસ્તક માંડવ ઠાકોર સાહેબને આપ્યું તેથી તેણે માંસાહાર તદ્દન છોડી દીધો છે તથા સાગોરના સરદારે પણ માંસાહાર છોડેલ છે અને જાનવર મારવાનું બંધ કરેલ છે. વળી એક ભીલે માંસ ખાવાનું છોડી દીધું છે.

વાંસાવાડાથી કોઠારી દુલેસિંહજી લખે છે કે આપની પાસેથી લાવેલ પ્રાણી પોકાર પુસ્તકો સરદાર લોકોને આપવામાં આવ્યા છે અને ગામ આમજાના ઠાકોર સાહેબે પશુ મારવાનું બંધ કર્યું છે. માંડવગઢની ટીપ માટે શ્રીમાન્ મહારાજ શ્રી હંસવિજયજી પાસે રતલામ આવેલ મી. ચંપાલાલજી ચોખચંદ સાલગીયા મહારાજશ્રીને જણાવે છે કે ઉપદેશદ્વારા તથા પ્રાણીપુકારની અસરથી પ્રતાપગઢ જીલ્લામાં ઘણોજ લાભ થયો છે. ગામ બારા વરદામાં ગુર્જર જાતિના ૩૫ માણસોએ દારૂ માંસનો ત્યાગ કર્યો છે. ઢરસુ ગામના છોટે ઉમદસિંહજીરાવે માંસ ખાવાનું ત્યાગ કર્યું છે. ધમોતર ગામના સુલતાનખાં પડાણે તથા મામુરખાં મેવાતીએ માંસ ખાવું બંધ કર્યું છે. તથા જીવહિંસા છોડી છે. દેવળીયામાં કાયસ્થી પોસ્ટ માસ્તર મી. લાલ મુકુંદીલાલે માંસ છોડયું છે. કામળીયામાં લાલા શીવલાલજી તહસીલદારની સહાયથી પ્રતિ વર્ષે ત્રણ બકરાનું બલીદાન બંધ કર્યું અને મેવાડ જીલ્લાના મુરાલી ગામના રાવ જુધાજીએ દરૂ માંસ અને જીવહત્યાનો ત્યાગ કર્યો છે. ઉપર મુજબના વર્તમાન આપના નામીચા પત્રમાં પ્રસિદ્ધ કરી ઉપકારમાં વૃદ્ધિ કરશોજી.

# ગ્રંથાવલોકન.

**સામુદ્રિક શાસ્ત્ર તથા સ્વપ્ન વિચાર**—આ ગ્રંથ અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથમાં પુરૂષ અને સ્ત્રી તેના તેમજ ગૃહસ્થોના ઉપયોગમાં આવતા એવા અશ્વો, હસ્તી અને બળદોના લક્ષણો અને ચિન્હો ઉપરથી થતા લાભાલાભનું વર્ણન બહુજ સરસ રીતે આપેલ છે. વળી આ બીજી આવૃત્તિમાં છેવટ સ્વપ્નનું શુભાશુભ ફળ પણ ટુંકામાં આપેલ છે આ ગ્રંથ મહાન ધુરંધર પંડિત શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામિની કૃતિનો છે અને તે ચૌદ પૂર્વ માંહેલા વિદ્યા પુર્વમાંથી ઉદ્ધરી સુત્રરૂપે ગુંથેલ છે ગ્રંથ ખરેખર ઉપયોગી છે. સારા ટાઇપથી છપાવી સારા બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. પ્રસિદ્ધ કર્તા શાહ ભીમશી માણેક ઠે૦ માંડવી શાકગલી મુંબઇ.

For Private And Personal Use Only